# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 07-08-2026 | VOL : 12 | Issue : 143 | Page : 8 | Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

દરેક ક્ષણ કિંમતી છે. વિશ્વાસથી અશક્ય પણ શક્ય બને છે


3 

ગાંધીનગરમાં 'ટ્રાવેલ એન્ડ ટ્રેડ ફેર-2026'નો ભવ્ય પ્રારંભ: મુખ્યમંત્રી અને નાયબ...

4 

ટ્રેન ઉપડતા પહેલા ખાલી સીટ કેવી રીતે બુક કરવી? 99% લોકો નથી...

6 
'દેવદાસ' વખતનો વિવાદ ભૂલીને 'બેબો' સંજય લીલા ભણસાલી સાથે કામ...

7 
ખેલાડીઓ ટપોટપ ઈન્જર્ડ થતાં BCCIની 'સર્જિકલ સ્ટ્રાઈક'


## એક નજર...

### વિદેશમાં વેકેશન એન્જોય કરી રહી છે ખુશી કપૂર



ખુશી કપૂરે વર્ષ 2023માં ઝોયા અખ્તરની ફિલ્મ 'ધ આર્ચીઝ' દ્વારા બોલિવૂડમાં અભિનયની શરૂઆત કરી હતી, જેમાં તેના અભિનયને દર્શકો અને ફિલ્મ વિવેચકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. સોશિયલ મીડિયા પર ખુશી કપૂર ખૂબ જ સક્રિય રહે છે અને તે પોતાના ટ્રેન્ડી આઉટફિટ્સ, ફોટોશૂટ, પ્રવાસની તસવીરો શેર કરતી હોવાથી લાખો લોકો તેને ફોલો કરે છે.

## NEWS TRACK

### મ્યાનમાર સાથે જમીનની અદલા-બદલી કરી વિવાદ ઉકેલવા ભારતની વિચારણાં, મણિપુરમાં વિરોધ

ભારત અને મ્યાનમાર વચ્ચે સરહદ રેખા નક્કી કરવાનો વર્ષોથી પડતર રહેલો મુદ્દો ટૂંક સમયમાં ઉકેલાઈ શકે છે. અહેવાલો મુજબ, બંને દેશો એવી જમીનની અદલાબદલી કરવા પર વિચાર કરી રહ્યા છે, જેની સરહદ હજુ સુધી નક્કી થઈ શકી નથી. નવી દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે સરહદ પર કેટલાક એવા વિસ્તારો છે જે ઉકેલવાના બાકી છે અને તે હિસ્સાઓ પર હાલ વાતચીત ચાલી રહી છે. અમેરિકન મેગેઝિન 'દ ડિપ્લોમેટ'નો દાવો અને પ્રવક્તાનું નિવેદન વિદેશ મંત્રાલયના પ્રવક્તા મણિપુર સરહદે જમીનની અદલાબદલી અંગેના અહેવાલોની સીધી પુષ્ટિ કરી નથી, તેમણે સ્પષ્ટ કર્યું છે કે સરહદના વિસ્તારોના ઉકેલ માટે વાતચીત ચાલુ છે. તેમની આ ટિપ્પણી અમેરિકન મેગેઝિન 'દ ડિપ્લોમેટ'ના રિપોર્ટ બાદ આવી છે. કે ભારત સરકાર મણિપુર સરહદ પર આવેલ બોર્ડર પિલર 65 અને 68 વચ્ચે સીમા નક્કી કરવા માટે આશરે 1.4 ચોરસ માઈલ જમીનની અદલાબદલીના પ્રસ્તાવ પર વિચાર કરી રહી છે.

### મોટી હોનારત ટળી, ટ્રમ્પનો જીવ તાંતણે બંધાયો! પેસેન્જર પ્લેનની તદન નજીક પહોંચ્યું 'મરીન વન' હેલિકોપ્ટર

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને લઈ જઈ રહેલું મરીન વન(Marine One) હેલિકોપ્ટર મંગળવારે વોશિંગ્ટનમાં એક પેસેન્જર પ્લેનની ખૂબ જ નજીક પહોંચી ગયું હતું. આ ઘટના રોનાલ્ડ રીગન વોશિંગ્ટન નેશનલ ઍરપૉર્ટ નજીક બની હતી. આ ઘટના બાદ એર ટ્રાફિક કંટ્રોલની વ્યવસ્થા સામે સવાલો ઉઠવા લાગ્યા છે. આ ઘટના બપોરે લગભગ 2:33 વાગ્યે બની હતી. ટ્રમ્પનું હેલિકોપ્ટર વ્હાઈટ હાઉસ નજીક એલિપ્સથી જોઇન્ટ બેઝ એન્ડ્રયુઝ માટે રવાના થયું હતું. તેના લગભગ એક મિનિટ પછી એનવોય એર(Envoy Air)નું એક પેસેન્જર પ્લેન રીગન નેશનલ ઍરપૉર્ટ પરથી ટેકઑફ કરીને રવાના થયું હતું. ટ્રમ્પનું હેલિકોપ્ટર વિમાનની એકદમ નજીક પહોંચી ગયું પેસેન્જર પ્લેન પસાર થયાના થોડા જ સમય બાદ ટ્રમ્પનું હેલિકોપ્ટર પણ ઍરપૉર્ટ તરફ આગળ વધ્યું હતું. આ બંને એરક્રાફ્ટ એકબીજાથી નક્કી કરેલી સુરક્ષિત મર્યાદા કરતાં ઓછા અંતર પર આવી ગયા હતા. અધિકારીઓએ આ ઘટનાને 'લોસ ઑફ સેપરેશન' એટલે કે વિમાનો વચ્ચેની નિર્ધારિત સુરક્ષિત અંતર ઘટી જવાની ઘટના ગણાવી છે.

### સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ X પર રાહુલે લખ્યું, મને વિધાર્થીઓના મુદ્દા ઉઠાવતા સરકાર રોકી શકશે નહીં

# વિધાર્થીઓના અવાજથી ડરી સરકાર: રાહુલ ગાંધી

## પ્રશાસન વિદ્યાર્થીઓના અવાજને દબાવવા અને તેમના કાર્યક્રમને રોકવાનો પ્રયાસ કરી રહ્યું છે

**નવી દિલ્હી**

કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર અને ઉત્તર પ્રદેશ સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. પ્રયાગરાજમાં 8 ઓગસ્ટે પ્રસ્તાવિત તેમના વિદ્યાર્થી સંવાદ કાર્યક્રમ માટે કેપી ગ્રાઉન્ડની મંજુરી રદ થયા બાદ રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને સરકાર પર આરોપ લગાવ્યો છે. તેમણે લખ્યું- પ્રશાસન વિદ્યાર્થીઓના અવાજને દબાવવા અને તેમના કાર્યક્રમને રોકવાનો પ્રયાસ કરી રહ્યું છે. સરકાર ભલે ગમે તેટલો પ્રયાસ કરી લે, પરંતુ મને વિદ્યાર્થીઓના મુદ્દા ઉઠાવવાથી રોકી શકશે નહીં. રાહુલ ગાંધીનું આ નિવેદન તે ઘટનાક્રમ બાદ સામે આવ્યું છે, જેમાં પ્રયાગરાજના કેપી ગ્રાઉન્ડનું બુકિંગ રદ કરી દેવામાં આવ્યું હતું. આ જ મેદાનમાં 8 ઓગસ્ટે વિદ્યાર્થીઓ સાથે તેમના સંવાદ કાર્યક્રમનું આયોજન છે. કાર્યક્રમની તૈયારીઓ અંતિમ તબક્કામાં હતી અને પંડાલ લગાવવાનું કામ પણ શરૂ થઈ ચૂક્યું હતું. જોકે, કાયસ્થ પાઠશાળા (કેપી) ટ્રસ્ટે શહેર કોંગ્રેસ સમિતિને પત્ર મોકલીને મેદાન ઉપલબ્ધ કરાવવાનો ઈનકાર કરી દીધો.

ટ્રસ્ટે આ કારણો જણાવ્યા

કેપી ટ્રસ્ટના કાર્યકારી અધ્યક્ષ ચૌધરી જિતેન્દ્ર નાથ સિંહે પોતાના પત્રમાં જણાવ્યું કે- કાર્યક્રમથી વિદ્યાર્થીઓના અભ્યાસને અસર થવાની આશંકા છે. આ ઉપરાંત, સતત થઈ રહેલા વરસાદને કારણે મેદાનને નુકસાન થઈ શકે છે. આ જ કારણોનો હવાલો આપતા ટ્રસ્ટે બુકિંગ રદ કરી દીધું અને સૂચન કર્યું કે વરસાદની મોસમ સમાપ્ત થયા પછી કાર્યક્રમનું આયોજન કરવામાં આવે.

### 'વિદ્યાર્થીઓ પોતાના ભવિષ્યની લડાઈ લડી રહ્યા છે'

બુકિંગ રદ થયા પછી રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર લખ્યું કે અલાહાબાદ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ફી વધારા અને સીટ ઘટાડવા સામે પોતાના ભવિષ્યની લડાઈ લડી રહ્યા છે, પરંતુ પ્રશાસન તેમની વાત સાંભળવાને બદલે તેમના પર FIR કરી રહ્યું છે. તેમણે આરોપ લગાવ્યો કે વિદ્યાર્થીઓની સમસ્યાઓનું સમાધાન શોધવાને બદલે દમનકારી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

## સીમાંકન બિલ બિલકુલ સ્વીકાર્ય નથી!, રાહુલ ગાંધીએ કિરેન રિજિજુ સામે મૂકી આકરી શરત

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે, વિપક્ષને સીમાંકન બિલ મંજૂર નથી. આ ઉપરાંત તેમણે સવાલ ઉઠાવ્યો છે કે સરકાર રાજકીય પક્ષોને અલગ-અલગ મળવાને બદલે આ મુદ્દે સર્વપક્ષીય બેઠક કેમ નથી બોલાવતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધી અને કિરેન રિજિજૂ વચ્ચે થયેલી મુલાકાતમાં રાહુલે સંસદનું કામકાજ સરળતાથી ચાલવા દેવા માટે સરકાર સામે બે મુખ્ય માંગણીઓ મૂકી છે. બિલ પર ચર્ચા કરવા વિશેષ સત્ર બોલાવવાનો પ્રસ્તાવ સંસદનું ચોમાસુ સત્ર દરરોજ હોબાળાના કારણે ખોરવાઈ રહ્યું છે. બુધવારે પણ જ્યારે આવી જ સ્થિતિ ઊભી થઈ, ત્યારે કિરેન રિજિજૂએ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં સરકારે કોંગ્રેસ સહિતના વિપક્ષ સમક્ષ સીમાંકન બિલ પર ચર્ચા કરવા માટે 16, 17 અને 18 તારીખે સંસદનું ખાસ સત્ર બોલાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેના જવાબમાં કોંગ્રેસે કહ્યું હતું કે, તેઓ પાર્ટી અને અન્ય વિપક્ષી દળો સાથે ચર્ચા કરીને પોતાનો નિર્ણય જણાવશે.





## વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ મુદ્દે ગૃહમંત્રી સંસદમાં જવાબ આપે અને PM મોદી માફી માંગે: ખડગે

**નવી દિલ્હી**

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જંતર-મંતર પાસે વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહીનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે કહ્યું કે, વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ, ફાયરિંગ, પેલેટ ગન અને ટીયર ગેસનો ઉપયોગ અત્યાચાર છે. ખડગેએ ગૃહમંત્રી અમિત શાહ સંસદમાં આવીને સ્પષ્ટતા આપે તેવી માંગ કરી. તેઓએ જણાવ્યું કે, ગૃહમંત્રીના જવાબ ન આપવાથી સંસદ નથી ચાલી રહી અને PM મોદી માફી માંગે.



મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, 'વિદ્યાર્થીઓ સાથે અન્યાય અને અત્યાચાર થયો છે. જે રીતે તેમના પર લાઠીચાર્જ અને ફાયરિંગ કરવામાં આવ્યું તે ખોટું હતું. આવા સાધનોનો ઉપયોગ ન થવો જોઈએ. પેલેટ ગન, ટીયર ગેસ, લાઠી, ઈલેક્ટ્રિક બેટન, ખીલીવાળી લાકડીઓ, આ તમામનો ઉપયોગ વિદ્યાર્થીઓ પર કરવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ કોઈ હોબાળો નહોતો મચાવ્યો. શું તેમણે 20-50 સરકારી વાહનો તોડ્યા હતા? શું કોઈ નેતાને રોકીને સવાલ પૂછ્યા હતા? તેઓ શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા, પરંતુ તેમને હટાવવા માટે જે પદ્ધતિઓ અપનાવવામાં આવી તે ખૂબ જ ખોટી છે.' ખડગેએ માંગ કરી કે, ગૃહમંત્રી ખુદ સંસદમાં આવીને સ્પષ્ટતા આપે. તેમણે કહ્યું કે, 'તેમને સંસદમાં આવીને જવાબ આપવામાં શું મજબૂરી છે? તેના માત્ર બે જ અર્થ હોઈ શકે છે. એક તો તેઓ વિચારી રહ્યા છે કે આ મુદ્દાને અવગણવામાં આવે અને બીજું કે તેઓ ડરી ગયા છે. હું બસ એટલું જ પૂછવા માંગુ છું કે જે દુઃખ તમે વિદ્યાર્થીઓને પહોંચાડ્યું છે, જે દુઃખ તેમના માતા-પિતા સુધી પહોંચ્યું છે.

## Gen Z સૌથી પ્રામાણિક પેઢી, દેશદ્રોહીનું લેબલ આપવાનું બંધ કરો: મોહન ભાગવત

■ **આપણે તેમની વાત સમજવી જોઇએ, તેમની સાથે વાત ન થઈ ત્યારે જ તો આંદોલન થયું**

**નવી દિલ્હી**

દિલ્હી સહિત દેશભરમાં વિદ્યાર્થીઓ અને યુવાનોના વિરોધ પ્રદર્શન અને તેના પર પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી વચ્ચે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના સરસંઘચાલક મોહન ભાગવતે મોટું નિવેદન આપ્યું છે. મુંબઈમાં યોજાયેલા એક કાર્યક્રમમાં સંબોધન કરતા મોહન ભાગવતે દેશની નવી પેઢી (Gen Z અને Gen Alpha) પર પૂર્ણ ભરોસો વ્યક્ત કર્યો હતો. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું



કે, તેઓ નવી પેઢી પર આંખ બંધ કરીને વિશ્વાસ કરે છે અને સુધારા માટે અવાજ ઉઠાવવો તથા સવાલો પૂછવા એ યુવાનોનો લોકતાંત્રિક અધિકાર છે. તેમણે ઉમેર્યું હતું કે અમારી પેઢી જ્યારે યુવાન હતી ત્યારે વડીલોના આદેશો આંખ બંધ કરીને માનતી હતી, પરંતુ આજનો યુવાવર્ગ દરેક વાતમાં તર્ક અને પ્રેમાળ સમજૂતી માંગે છે. 'વિરોધ કરનારાઓને દેશદ્રોહીનું લેબલ ન આપો' તાજેતરમાં જંતર-મંતર અને દિલ્હીમાં વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ, ટિયર ગેસ અને પેલેટ ગનના ઉપયોગના અહેવાલો અંગે બોલતા મોહન ભાગવતે કહ્યું હતું કે, તેમની પાસે આ ઘટનાઓની સંપૂર્ણ અને અધિકૃત માહિતી નથી. પરંતુ તેઓ ક્યારેય Gen Z ને આંદોલન ના કરવાનો આદેશ નહીં આપે.

## ઝારખંડમાં પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ સરકાર સાથે વાતચીત કરવા તૈયાર

**રાંચી**

ઝારખંડમાં PSC સહિત અન્ય ભરતી પરીક્ષાઓમાં ગેરરીતિનો વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને સરકારે વાતચીતનો પ્રસ્તાવ આપ્યો છે. વિદ્યાર્થીઓ આ માટે તૈયાર થઈ ગયા છે પરંતુ તેમણે એક શરત પણ મૂકી છે કે મુખ્યમંત્રી હેમંત સોરેન પોતે વાત કરે અને આ દરમિયાન ઓછામાં ઓછા બે મીડિયા પ્રતિનિધિઓ હાજર રહે, જેથી સમગ્ર પ્રક્રિયા પારદર્શક રહે. જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમમાં ધરણા કરી રહેલા વિદ્યાર્થી નેતા રવિન્દ્ર પાસવાને કહ્યું કે બુધવારે સરકારનો પ્રસ્તાવ લઈને આવેલા SDOએ વિદ્યાર્થી પ્રતિનિધિમંડળના સભ્યોના નામ માંગ્યા છે. આ પછી બેઠકની તારીખ અને સમય નક્કી થશે. વિદ્યાર્થીઓનો એવો પણ આરોપ છે કે સરકાર માત્ર 5 સભ્યોની ટીમ બોલાવીને આંદોલનને નબળું પાડવા માંગે છે. દેવેન્દ્ર નાથ મહતો સહિત 6 વિદ્યાર્થીઓ આમરણાંત ઉપવાસ પર છે. તેઓ આ મામલે CBI-ED તપાસની માંગ કરી રહ્યા છે. CIDએ બુધવારે મોડી રાત્રે વધુ પાંચ આરોપીઓની ધરપકડ કરી. જેમાં પરીક્ષાનું સંચાલન કરતી આઉટસોર્સ એજન્સી TSR ડેટા પ્રોસેસિંગ પ્રાઈવેટ લિમિટેડ (TDPL) ના એકાઉન્ટન્ટ રક્ષક સિંહનો પણ સમાવેશ થાય છે. અત્યાર સુધીમાં 19 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

## દિલ્હી-NCRમાં ભારે વરસાદ, ટ્રાફિક જામ, વર્ક-ફ્રોમ-હોમની સલાહ



ઉત્તર અને પૂર્વોત્તર ભારતમાં ચોમાસાનો વરસાદ આફત બની રહ્યો છે. દિલ્હી અને ગુરુગ્રામમાં ગુરુવારે થયેલા ભારે વરસાદને કારણે ઘણા વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાઈ ગયું. આના કારણે રસ્તાઓ પર લાંબો ટ્રાફિક જામ થઈ ગયો. દિલ્હી-જયપુર હાઈવે, ધૌલા કુંઆ, કાલિંદી કુંજ, દિલ્હી-મેરઠ એક્સપ્રેસવે, ગ્રીન પાર્ક અને એઈમ્સ સહિતના અનેક રસ્તાઓ પર વાહનો ધીમે ધીમે ચાલતા જોવા મળ્યા. ગુરુગ્રામ પોલીસે પ્રાઈવેટ કંપનીઓને કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ આપવા અપીલ કરી છે. ઉત્તરાખંડના ઋષિકેશમાં ગંગા નદી ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. લોકોને ઘાટ પર ન જવા માટે ચેતવણી આપવામાં આવી છે. ચમોલીમાં હેલંગ પાસે પહાડી પરથી કાટમાળ અને પથ્થરો પડવાને કારણે બદ્રીનાથ નેશનલ હાઈવે બંધ છે.

## અભિજીત દીપકે હવે દેશભરમાં 'ક્યા બોલતી પબ્લિક' કેમ્પેન શરૂ કરશે

**નવી દિલ્હી**

અભિજીત દીપકે ગુરુવારે જણાવ્યું, 'કોકરોચ જનતા પાર્ટી સપ્ટેમ્બરથી 'ક્યા બોલતી પબ્લિક' અભિયાનની શરૂઆત કરશે. યુવાનોએ CJP સાથે જોડાઈને આ આંદોલનમાં જોડાવું જોઈએ.' તેમણે કહ્યું, 'ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું વિદ્યાર્થી આંદોલનની સૌથી મોટી જીત છે. જંતર-મંતર પરના પ્રદર્શનમાં માત્ર વિદ્યાર્થીઓ જ નહીં, પરંતુ બેરોજગાર યુવાનો પણ સામેલ થયા હતા. બેરોજગારી દેશની સૌથી મોટી સમસ્યા છે અને તેને હવે દેશવ્યાપી મુદ્દો બનાવવામાં આવશે.' આ વાત તેમણે છત્રપતિ સંભાજીનગર ખાતે પોતાના ઘરે પાર્ટીની કોર કમિટીની બેઠક બાદ કહી. પ્રદર્શન કરનારા છોકરાઓએ પોતાની ઓળખ અમદાવાદ નિવાસી મનીષ બ્રહ્મભટ્ટ અને રાહુલ પંડ્યા તરીકે આપી. તેમણે કહ્યું કે તેઓ ગયા મહિને દિલ્હીના જંતર-મંતર પર વિદ્યાર્થી આંદોલનનો ભાગ હતા. તેમનું કહેવું છે કે CJP એક યુવા આંદોલન છે. તેને લોકતાંત્રિક રીતે ચાલવું જોઈએ. આંદોલનમાં સામેલ લોકોને પણ આગળની રણનીતિ નક્કી કરવામાં સામેલ કરવા જોઈએ. જ્યારે, બીજા છોકરા મનીષે કહ્યું કે જ્યારે CJPનું આંદોલન શરૂ થયું હતું, ત્યારે તેનો કોઈ ચહેરો નહોતો. મેં અને અન્ય ઘણા સ્વયંસેવકોએ જંતર-મંતર પર આંદોલનમાં યોગદાન આપ્યું.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## વસ્ત્રાપુરમાં સામાન્ય તકરારમાં યુવક પર જીવલેણ હુમલો : ભાઈ પર હુમલો કરનારને સમજાવવા ગયેલા યુવક પર છરીથી હુમલો કરી હત્યાનો પ્રયાસ

**અમદાવાદ**

અમદાવાદ શહેરમાં ગુનાખોરીની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે વસ્ત્રાપુર વિસ્તારમાં સામાન્ય તકરાર દરમિયાન પોતાના ભાઈ પર હુમલો કરનાર યુવકને સમજાવવા ગયેલા રિક્ષાચાલક પર છરીથી હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા રિક્ષાચાલકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. વસ્ત્રાપુર પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. માનસી સર્કલ નજીક રણુજાનગરમાં રહેતા જયેશ હરીશભાઈ ગામેતી રિક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે 5 ઑગસ્ટે રાત્રે 9 વાગ્યે તેમને જાણ થઈ હતી કે, તેમના નાના ભાઈ દર્શિલ હરીશભાઈ ગામેતી પર ઘર નજીક રહેતા મેહુલ સુરેન્દ્રસિંહ ઠાકોરે હુમલો કરી માર માર્યો હતો. ભાઈ પર હુમલાની જાણ થતાં જયેશ ગામેતી સ્થળ પર પહોંચ્યા હતા અને મેહુલ ઠાકોરને ઝઘડો કરવાનું કારણ પૂછ્યું હતું. આ દરમિયાન ઉશ્કેરાયેલા મેહુલ ઠાકોરે પોતાની પાસે રહેલી છરીથી જયેશના પેટમાં ઘા ઝીંક્યો હતો.

## સરકારની શહેરી વિકાસને લગતી 3 મહત્વની નોટિફિકેશન જાહેર : TP યોજનાઓને અંતિમ મંજૂરી અપાઈ

**ગાંધીનગર**

ગુજરાત સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા સતત ત્રણ મહત્વપૂર્ણ નોટિફિકેશન જાહેર કરી છે. અંજાર એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીની ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર-3 (પ્રથમ ફેરફાર) અને સુરત મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર-53 (મગોબ-ડુંભાલ, બીજો ફેરફાર) ની પ્રિલિમિનરી સ્કીમને ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ, 1976ની કલમ-65 હેઠળ મંજૂરી આપવામાં આવી છે.

સરકારના આ નિર્ણય બાદ બંને વિસ્તારોમાં જમીન પુન વહેંચણી, રોડ, જાહેર સુવિધાઓ અને અન્ય વિકાસ કામોનો માર્ગ વધુ સરળ બનશે. સાથે જ આ યોજનાઓના દસ્તાવેજો સંબંધિત કચેરીઓમાં જાહેર નિરીક્ષણ માટે ઉપલબ્ધ રાખવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

બીજી તરફ, વધુ એક નોટિફિકેશન મુજબ ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઓફ અનઓથોરાઈઝ્ડ ડેવલપમેન્ટ એક્ટ, 2022 હેઠળ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત વિસ્તાર માટે એપેલેટ ઓફિસર તરીકે IAS અધિકારી રાજકુમાર બેનીવાલની નિમણૂક કરવામાં આવી છે. તેઓ અગાઉ આ જવાબદારી સંભાળતા ડી. જે. જાડેજા, IASના સ્થાને કાર્યભાર સંભાળશે. સરકારના આ નિર્ણયથી અનધિકૃત બાંધકામને નિયમિત કરવા સંબંધિત અપીલો અને વહીવટી પ્રક્રિયામાં વધુ ઝડપ અને અસરકારકતા આવવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## માર્ગો અવરોધતા દબાણો સામે AMCની કાર્યવાહી, શાહીબાગ પોલીસની હાજરીમાં ચમનપુરામાં ફૂટપાથ ખાલી કરાયા

**અમદાવાદ**

અમદાવાદમાં જાહેર રસ્તાઓ અને ફૂટપાથ પરના દબાણો હટાવવા AMC અને શાહીબાગ પોલીસે ગુરુવારે ચમનપુરા વિસ્તારમાં કાર્યવાહી કરી. સવારે 9:30 થી 11:00 વાગ્યા દરમિયાન હોળી ચકલાથી ચમનપુરા સુધીના તમામ અનધિકૃત બાંધકામો દૂર કરાયા. શાહીબાગ પોલીસે સુરક્ષા પૂરી પાડતા કોઈ અવરોધ વગર શાંતિપૂર્ણ રીતે કામગીરી પૂર્ણ થઈ. શહેરમાં જાહેર રસ્તાઓ અને ફૂટપાથ પરથી અનધિકૃત બાંધકામો હટાવવાના ચાલુ પ્રયાસોના ભાગરૂપે ગુરુવારે(છઠ્ઠી ઑગસ્ટ) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) અને શાહીબાગ પોલીસ દ્વારા ચમનપુરા વિસ્તારમાં દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, આ કામગીરી સવારે 9:30થી 11:00 વાગ્યા દરમિયાન હોળી ચકલાથી ચમનપુરા સુધીના સમગ્ર વિસ્તારમાં કરવામાં આવી હતી. આ દરમિયાન AMCની ટીમે જાહેર માર્ગો અને પદયાત્રીઓ માટેના ફૂટપાથને અવરોધતા તમામ દબાણો દૂર કર્યા હતા. કોઈપણ પ્રકારની અપ્રિય ઘટના કે વિક્ષેપ વિના કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે માટે શાહીબાગ પોલીસની ટીમે સ્થળ પર હાજર રહીને AMC સ્ટાફને ચુસ્ત સુરક્ષા કવચ પૂરું પાડ્યું હતું. પોલીસની હાજરીને કારણે સમગ્ર કવાયત દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહી હતી અને સંકલિત પ્રયાસોથી દબાણ હટાવવાની કામગીરી સફળતાપૂર્વક આટોપી લેવાઈ હતી.

## સાણંદના ડરણ ગામે રસ્તા બાબતે ભાઈઓ વચ્ચે ઝઘડો : ધારિયા-લાકડીઓથી હુમલો

**અમદાવાદ**

અમદાવાદ ગ્રામ્યના સાણંદ તાલુકાના ડરણ ગામે રસ્તા બાબતે થયેલા વિવાદમાં એક જ કુટુંબના ભાઈઓ વચ્ચે લોહિયાળ ઝઘડો થયો હતો. આ ઘટનામાં ચારથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા, જેમાંથી બેની હાલત ગંભીર છે.

પ્રાથમિક માહિતી મુજબ, ડરણ ગામે રસ્તાના મુદ્દે પરિવારના સભ્યો વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી. આ બોલાચાલીએ જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં મારામારી સુધી પહોંચી હતી.

ઝઘડા દરમિયાન, કેટલાક શખ્સોએ ધારિયા અને લાકડીઓ જેવા હથિયારો વડે હુમલો કર્યો હતો. આ ઉપરાંત, ઘટનાસ્થળે હાજર અન્ય લોકો પર ટ્રેક્ટર ચડાવીને હત્યાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ હુમલામાં ચારથી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમાંથી બે ઈજાગ્રસ્તોની હાલત નાજુક જણાવાઈ રહી છે. તમામ ઘાયલોને તાત્કાલિક સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ચાંગોદર પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો.

### CAG રિપોર્ટમાં ભાજપ સરકારની ભ્રષ્ટાચારી પોલ ખુલ્લી

# ધંધુકા-વલ્લભીપુર સિંચાઈમાં 400 કરોડનું મહાકૌભાંડ..! : કોંગ્રેસે કરી તપાસની માંગ



**અમદાવાદ**

અમદાવાદ જિલ્લાના ધંધુકા પંથકના ૩૨ ગામોની ૩૦,૦૦૦ હેક્ટર જમીનને સિંચાઈનું પાણી આપવાના નામે સરદાર સરોવર નર્મદા નિગમ (SSNNL) દ્વારા હાથ ધરાયેલા કામમાં ૪૦૦ કરોડના જાહેર નાણાંની સુનિયોજિત લૂંટ ચલાવાઈ હોવાનો સનસનાટીભર્યો આક્ષેપ થયો છે. મહાલેખાકાર (CAG) ના ઓડિટ રિપોર્ટના આધારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ મુખ્યમંત્રી અને વિજિલન્સ કમિશનરમાં લેખિત ફરિયાદ કરીને સરકાર પર આકરા પ્રહારો કર્યા છે.

નબળી ગુણવત્તાની પાઈપલાઈન, અધૂરા કામ છતાં આપી દેવાયેલા કમ્પ્લીશન સર્ટિફિકેટ અને નિવૃત્ત અધિકારીઓની કરાર આધારિત નિમણૂકો સામે કાયદેસરની તપાસની માંગ કરાઈ છે.

### પોઈન્ટ બાય પોઈન્ટ : CAG અહેવાલમાં સામે આવેલા કૌભાંડના મુખ્ય પુરાવા

નબળી પાઈપોનો ઉપયોગ: ટેન્ડરની શરત મુજબ ૨૪૮ KPA ક્ષમતાની પાઈપો વાપરવાની જગ્યાએ માત્ર ૧૨૪ KPA ની અત્યંત નબળી GRP પાઈપો નાખીને ૪૭.૭૭ કરોડનું ગેરકાયદેસર ચૂકવણું કરી દેવાયું.

ન વપરાયેલી પાઈપોનું બિલ પાસ: ૩૬૦ મીટર પાઈપ સ્થળ પર નાખવામાં જ નથી આવી કે ન તો સ્ટોરમાં જમા થઈ, છતાં તંત્ર દ્વારા ૫૦.૩૩ લાખનું ચૂકવણું કરી દેવાયું.

અધૂરા કામે બોગસ સર્ટીફીકેટ: યોજનાનું માત્ર ૯૮% કામ પૂર્ણ થયું હોવા છતાં અને ૨૫.૩૪ કરોડનું કામ અધૂરું હોવા છતાં ૧૫ જૂન ૨૦૨૨ના રોજ કામ પૂર્ણ થયાનું બોગસ કમ્પ્લીશન સર્ટિફિકેટ આપી દેવાયું.

૭ યુજીપીએલ પેકેજોમાં ગેરરીતિ: વલ્લભીપુર બ્રાન્ચ કેનાલ હેઠળના અન્ય સાત અંડરગ્રાઉન્ડ પાઈપલાઈન (UGPL) પેકેજોમાં પણ સમાન પ્રકારનું ભ્રષ્ટાચારી નેટવર્ક સામે આવ્યું છે.

### કોંગ્રેસના પ્રવક્તા ડૉ. મનીષ દોશીની મુખ્ય માંગણીઓ

ઉચ્ચસ્તરીય તટસ્થ તપાસ: વલ્લભીપુર બ્રાન્ચ કેનાલના કામોની સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસ તાત્કાલિક શરૂ કરવામાં આવે.

પાઈપોની સ્થળ તપાસ: ૧૨૪ KPA અને ૨૪૮ KPA ની પાઈપોનું સ્થળ પર ભૌતિક પરીક્ષણ કરીને ટેસ્ટ રિપોર્ટ જાહેર કરવામાં આવે.

નાણાંની વસૂલાત અને કાનૂની કાર્યવાહી: ૪૭.૭૭ કરોડ અને ૫૦.૩૩ લાખની રકમ જવાબદારો પાસેથી વસૂલ કરવામાં આવે અને બોગસ સર્ટિફિકેટ આપનાર અધિકારીઓ તથા કોન્ટ્રાક્ટર સામે ફોજદારી ગુનો દાખલ કરાય.

### પાક્કો ગુજરાત વિશ્લેષણ: 'કમલમ કમિશન' અને ખેડૂતો સાથે વિશ્વાસઘાત!

સિંચાઈ અને નર્મદા વિભાગમાં પોતાના માનીતા નિવૃત્ત અધિકારીઓને કરાર આધારિત નિમણૂકો આપીને કોન્ટ્રાક્ટરો સાથે કમિશનનું સેટિંગ ગોઠવવામાં આવી રહ્યું હોવાનો આક્ષેપ છે. વરસાદ આધારિત ખેતી કરતા ધંધુકાના હજારો ખેડૂતોના ખેતરો સુધી પાણી પહોંચાડવાને બદલે નબળી પાઈપો ફૂટી જવાથી જમીનો ધોવાઈ રહી છે.

પાક્કો ગુજરાતનો સ્પષ્ટ સવાલ છે કે, ખેડૂતોના હકનું પાણી અને પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા ચોરી કરનારા ભ્રષ્ટ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો પર બુલડોઝર ક્યારે ફરશે?

### ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયતોમાં નાણાકીય ગેરરીતિઓ પર રહેશે સીધી નજર

## પંચાયતોમાં ભ્રષ્ટાચાર સામે સરકારનો મોટો નિર્ણય

**ગાંધીનગર**

ગુજરાત સરકારે પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ પારદર્શક, જવાબદાર અને ભ્રષ્ટાચારમુક્ત બનાવવા મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્યની તમામ ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોમાં વાર્ષિક ઓડિટ પૂર્ણ થયા બાદ હવે ફરજિયાત 'એક્ઝિટ કૉન્ફરન્સ' યોજાશે. પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગે 28 જુલાઈ, 2026ના રોજ આ અંગે પરિપત્ર જાહેર કરી સમગ્ર રાજ્યમાં નવી પ્રક્રિયા અમલમાં મૂકી છે. અત્યાર સુધી ઓડિટમાં સામે આવતી ગંભીર ગેરરીતિઓ સામે કાર્યવાહી કરવામાં લાંબો સમય લાગતો હતો, પરંતુ નવી વ્યવસ્થાથી ઓડિટ પૂર્ણ થતાં જ જવાબદારો સામે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરવાનો માર્ગ ખુલ્લો બનશે. નવી વ્યવસ્થા મુજબ જિલ્લા વિકાસ અધિકારી (DDO)ની અધ્યક્ષતામાં યોજાનારી



એક્ઝિટ કૉન્ફરન્સમાં સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગના વરિષ્ઠ ઓડિટ અધિકારીઓ ઓડિટ દરમિયાન સામે ગંભીર નાણાકીય અને વહીવટી ગેરરીતિઓ રજૂ કરશે. તેમાં ઉચાપત, નિયમો વિરુદ્ધ થયેલી ખરીદી, ગેરકાયદે ભરતી, સરકારી નાણાનો દુરુપયોગ, નિયમભંગ અને અન્ય ગંભીર ક્ષતિઓ અંગે સીધી ચર્ચા કરવામાં આવશે. જો કોઈ ગેરરીતિ ગંભીર જણાશે તો જિલ્લા વિકાસ અધિકારી દ્વારા પ્રાથમિક ધોરણે શિસ્તભંગ, વિભાગીય તપાસ અથવા જરૂરી હોય ત્યાં કાનૂની કાર્યવાહી પણ તાત્કાલિક શરૂ કરી શકાશે. સરકારનું માનવું છે કે, આ નિર્ણયથી ઓડિટ માત્ર કાગળ પરની ઔપચારિક પ્રક્રિયા નહીં રહે, પરંતુ જવાબદારી નક્કી કરવાની અસરકારક વ્યવસ્થા બનશે. અત્યાર સુધી અનેક વખત ઓડિટ રિપોર્ટ તૈયાર થયા બાદ પણ કાર્યવાહી મોડે થતી હતી, જેના કારણે ગેરરીતિ કરનારાઓ સામે સમયસર પગલાં લેવામાં મુશ્કેલી પડતી હતી. હવે ઓડિટ પૂર્ણ થયા બાદ તરત જ સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ પાસેથી સ્પષ્ટતા મેળવી શકાશે અને જરૂરી કાર્યવાહી ઝડપથી હાથ ધરાશે. રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર આ નવી વ્યવસ્થાથી પંચાયતોમાં પારદર્શકતા વધશે, જાહેર નાણાંના દુરુપયોગ પર નિયંત્રણ આવશે અને ભ્રષ્ટાચાર સામે કડક સંદેશ જશે. વિકાસના કામોમાં ગુણવત્તા જળવાશે.

## ગોત્રી સ્મશાન બહાર કચરાના ડબ્બામાંથી અર્ધસળગેલી ડેડ બોડી મળતા સનસનાટી, ભયનો માહોલ

**વડોદરા**

સંસ્કારી નગરી વડોદરાના ગોત્રી વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી અને માનવતાને શરમાવે તેવી ઘટના સામે આવી છે. ગોત્રી તળાવ પાસે આવેલા સ્મશાનગૃહની બહાર મુકેલા કચરાના ડસ્ટબીનમાંથી અર્ધસળગેલી હાલતમાં માનવ શરીર (ડેડ બોડી) મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી અને ભયનો માહોલ ફેલાઈ ગયો છે.

ઘટના અંગે જાણ થતાં જ કોંગ્રેસના અગ્રણીઓ તાત્કાલિક સ્મશાનગૃહ ખાતે પહોંચી ગયા હતા અને સ્થાનિક પોલીસને જાણ કરી હતી.

સ્મશાનની બહાર મુકવામાં આવેલા કચરાના ડસ્ટબીનમાં અડધી સળગેલી હાલતમાં મૃsubject શરીર પડ્યું હોવાનું સ્થાનિકોના ધ્યાને આવ્યું હતું.



માહિતી મળતા જ કોંગ્રેસના સ્થાનિક આગેવાનો સ્થળ પર પહોંચ્યા હતા અને અમાનવીય કૃત્ય સામે ભારે વિરોધ દર્શાવી પોલીસને જાણ કરી હતી.

### વડોદરામાં પાલિકાનું બુલડોઝર ફર્યું

## નાગરવાડાના લાલબજારમાં ગેરકાયદે દબાણોનો સફાયો, બે ટ્રક સામાન જપ્ત

પાલિકાની આ આક્રમક કામગીરીના કારણે લાલબજાર વિસ્તારના મુખ્ય માર્ગો વર્ષો પછી ખુલ્લા અને મોકળા બન્યા છે, જેનાથી સ્થાનિક રહીશો અને વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો છે

**વડોદરા**

વડોદરા શહેરમાં જાહેર માર્ગો પરના ગેરકાયદે દબાણો સામે વડોદરા મહાનગરપાલિકાએ ફરી એકવાર લાલ આંખ કરી છે. શહેરના નાગરવાડા સ્થિત લાલબજાર વિસ્તારમાં વર્ષોથી નાગરિકો માટે શિરદર્દ સમાન બની રહેલા લારી-ગલ્લા, હંગામી શેડ અને ઓટલાના ગેરકાયદે દબાણો પર પાલિકાની દબાણ શાખાએ ત્રાટકીને વ્યાપક કાર્યવાહી હાથ ધરી હતી. આ તડામાર કામગીરી દરમિયાન પોલીસે બે ટ્રક ભરાય તેટલો સામાન જપ્ત કર્યો હતો. મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૬ હેઠળ આવતા લાલબજાર વિસ્તારમાં મુખ્ય રસ્તાઓ પર વેપારીઓ અને સ્થાનિકો દ્વારા કરાયેલા ગેરકાયદે દબાણોને કારણે વાહનચાલકો તેમજ રાહદારીઓને રોજિંદી અવરજવરમાં ભારે હાલાકી ભોગવવી પડતી હતી. સતત ટ્રાફિક જામ અને મુશ્કેલી અંગે સ્થાનિક રહીશો દ્વારા પાલિકામાં વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી. આ ફરિયાદોને ગંભીરતાથી લઈને દબાણ શાખાની ટીમે વહેલી સવારે જ કાફલા સાથે સ્થળ પર પહોંચી કાર્યવાહી શરૂ કરી દીધી હતી. પાલિકાની ટીમ દ્વારા રસ્તા પર ખડકી દેવાયેલા લારી-ગલ્લાઓને દૂર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત રસ્તા પર કાયમી કબ્જો જમાવીને ઊભા કરાયેલા બે ગેરકાયદે હંગામી શેડ તોડી પાડવામાં આવ્યા હતા અને જાહેર માર્ગ સુધી લંબાયેલા ઓટલાના દબાણો પર પણ બુલડોઝર ફેરવી દેવાયું હતું. દબાણ શાખાની આ સડઝડતોડ કામગીરીથી ગેરકાયદે દબાણ કરનારા તત્વો અને વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. સમગ્ર કાર્યવાહી દરમિયાન સ્થળ પર કોઈ અપ્રિય બનાવ ન બને તે માટે જરૂરી બંદોબસ્ત પણ જાળવવામાં આવ્યો હતો.

પાલિકાની આ આક્રમક કામગીરીના કારણે લાલબજાર વિસ્તારના મુખ્ય માર્ગો વર્ષો પછી ખુલ્લા અને મોકળા બન્યા છે, જેનાથી સ્થાનિક રહીશો અને વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો છે. પાલિકા તંત્ર દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જો ફરીથી દબાણ કરવામાં આવશે તો વધુ કડક કાયદાકીય પગલાં ભરવામાં આવશે.


### કલોલમાં ગૌમાતાની કથોડી હાલત

## કથિત હિન્દુત્વવાદી સરકારની નાક નીચે ગૌતસ્કરીનો ધમધમાટ!

**અડાલજ બાદ કલોલમાં ગૌતસ્કરો બેફામ;** પોલીસ ઊંઘતી ઝડપાતાં માલધારી સમાજ અને ગૌરક્ષકોમાં ભારે રોષ, ઉગ્ર આંદોલનની સરકારે જોઈ રહી છે રાહ?

**ગાંધીનગર**

ગાંધીનગર જિલ્લાના કલોલ વિસ્તારમાંથી ગૌમાતાની અત્યંત કથોડી અને ચોંકાવનારી હાલત સામે આવતાં સમગ્ર રાજ્યમાં અરેરાટી સાથે ભારે રોષ વ્યાપી ગયો છે. પોતાના હિન્દુત્વના ગુણગાન ગાતી સરકારની નાક નીચે જ ગૌતસ્કરો ખુલ્લેઆમ ખાખી અને કાયદાના ધજાગરા ઉડાવી રહ્યા છે. અગાઉ અડાલજ શનિ મંદિર આગળ પણ આવી જ શરમજનક ઘટના સામે આવી હતી, છતાં તંત્રના પેટનું પાણી ન હલતાં આજે ગૌતસ્કરોને ખુલ્લું પ્રોત્સાહન મળી રહ્યું હોય તેવો ઘાતક ઘાટ સર્જાયો છે.



રસ્તા પર રખડતી અને નિરાધાર ગૌમાતાને દિવસ-દહાડે આંખોની સામે તસ્કરો ઉઠાવીને કતલખાને ધકેલી રહ્યા છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' સરકાર અને પ્રશાસનને સીધા સવાલ પૂછે છે: શું પોતાની મા ની આવી હાલત જોઈ શકશે સરકાર?: ચૂંટણી સમયે ગૌમાતાના નામે જયઘોષ કરતી સરકાર હવે કલોલની આ ઘાતક વાસ્તવિકતા સામે મૌન કેમ છે? શું આ બધું કોઈ મોટી આંતરિક મિલીભગત હેઠળ ચાલી રહ્યું છે?

દિવસ-રાત પેટ્રોલિંગના દાવો કરતી કલોલ પોલીસ તસ્કરીની ઘટના વખતે ક્યાં ઊંઘતી હતી? ઘટના બની ગયા બાદ પણ આ ગૌતસ્કરો અને આરોપીઓ હજુ સુધી ખુલ્લેઆમ ફરાર કેમ છે?

ગૌરક્ષાના મોટા મોટા કાયદાઓ શું માત્ર કાગળ પર જ શોભાના ગાંઠિયા સમાન બનીને રહી ગયા છે? નક્કર અને કડક કાર્યવાહી કરવાના બદલે સરકાર કઈ બીજી મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહી છે? વારનવાર બનતી ગૌતસ્કરીની ઘટનાઓથી સ્થાનિક લોકો અને ગૌપ્રેમીઓમાં અત્યંત આક્રોશ ફાટી નીકળ્યો છે.

## મોરબીના હળવદમાં વીજપોલના વળતર મુદ્દે ખેડૂતો આક્રમક: 40થી વધુ ગામોમાં ભાજપ પ્રવેશબંધીના બેનરો લાગ્યા

### હળવદ પંથકના 40થી વધુ ગામોમાં નેતાઓ અને રાજકીય પક્ષોના પ્રવેશ પર ગ્રામજનોએ રોક લગાવી દીધી, આગામી સ્થાનિક કે રાજકીય ચૂંટણીઓમાં આ ખેડૂત આંદોલનની સીધી અને મોટી અસર પડવાની પૂરેપૂરી શક્યતા છે

**મોરબી**

મોરબી જિલ્લાના હળવદ તાલુકામાં વીજપોલ અને હાઈટેન્શન પાવર લાઈન પસાર કરવા સામે ખેડૂતોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. યોગ્ય વળતર મેળવવાની માંગ સાથે 40થી વધુ ગામડાઓમાં ખેડૂતો દ્વારા 'રાજકીય પ્રવેશબંધી'ના બેનરો લગાવી દેવામાં આવ્યા છે. જ્યાં સુધી તંત્ર દ્વારા વાજબી અને યોગ્ય વળતર ચૂકવવામાં નહીં આવે, ત્યાં સુધી લડત ચાલુ રાખવા ખેડૂતો મક્કમ બન્યા છે.

ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં વધી રહેલો આ રાજકીય વિરોધ શાસક પક્ષ માટે મોટો સિરદર્દ બની શકે છે.

જમીનમાંથી પસાર થતા વીજપોલ અને પાવર લાઈન સામે ખેડૂતોને કાયદાકીય અને વાજબી વળતર આપવામાં આવે.

વહીવટી તંત્ર દ્વારા જમીન સંપાદન અને વળતરની પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શકતા રાખવામાં આવે.

લાંબા સમયથી લટકતા પડતર પ્રશ્નો અને ખેડૂતોની રજૂઆતોનો ત્વરિત ઉકેલ લાવવામાં આવે.

હળવદ પંથકના 40થી વધુ ગામોમાં નેતાઓ અને રાજકીય પક્ષોના પ્રવેશ પર ગ્રામજનોએ રોક લગાવી દીધી છે.

આગામી સ્થાનિક કે રાજકીય ચૂંટણીઓમાં આ ખેડૂત આંદોલનની સીધી અને મોટી અસર પડવાની પૂરેપૂરી શક્યતા છે.

તંત્રની ઉપેક્ષાને કારણે ગ્રામીણ સ્તરે સરકાર સામે અસંતોષ અને વિરોધનો સૂર વધુ તીવ્ર બન્યો છે.

ખેડૂતો દેશનો અન્નદાતા છે અને પોતાની કિંમતી જમીન પરથી લાઈનો પસાર થવા દેતી વખતે યોગ્ય હકની માંગણી કરવી તેમનો અધિકાર છે. સરકારે હવે સમય બગાડ્યા વગર આંદોલનકારી ખેડૂત આગેવાનો સાથે સીધો સંવાદ સાધીને વહેલી તકે સંતોષકારક નિકાલ લાવવો જોઈએ, જેથી વિકાસના કામો પણ અટકે નહીં અને ખેડૂતોને પણ ન્યાય મળે.

પાક્કો ગુજરાત

શુક્રવાર | 07 ઓગસ્ટ 2026 | અમદાવાદ

### ગાંધીનગરમાં 'ટ્રાવેલ એન્ડ ટ્રેડ ફેર-2026'નો ભવ્ય પ્રારંભ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કરાવ્યુ ઉદ્ઘાટન




ગાંધીનગર

ગુજરાતની રાજધાની ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે પ્રવાસન ક્ષેત્રને વેગ આપતા દેશના સૌથી મોટા પ્રદર્શનોમાંના એક એવા 'ટ્રાવેલ એન્ડ ટ્રેડ ફેર' (TTF) નો આજથી ભવ્ય પ્રારંભ થયો છે. માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં 6 થી 8 ઓગસ્ટ દરમિયાન યોજાઈ રહેલા આ ત્રણ દિવસીય મેગા ટ્રેડ શોનો શુભારંભ કરાવ્યો હતો. આ અવસરે મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોએ એક્ઝિબિશન સેન્ટરની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમણે ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર, ગોવા સહિતના દેશના વિવિધ રાજ્યોના આકર્ષક સ્ટોલ્સ નિહાળ્યા હતા તેમજ સ્ટોલ ધારકો સાથે પ્રત્યક્ષ સંવાદ સાધીને વિવિધ રાજ્યોની નવી પ્રવાસન નીતિઓ, પ્રોત્સાહક યોજનાઓ અને ટુરીઝમ પેકેજીસ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. ૭૦૦થી વધુ એક્ઝિબિટર્સની ભાગીદારી: 'ટ્રાવેલ એન્ડ ટ્રેડ ફેર-2026'ની આ વિશેષ એડિશનમાં દેશ-વિદેશના ૭૦૦થી વધુ એક્ઝિબિટર્સ અને ટ્રાવેલ એજન્ટ્સ ભાગ લઈ રહ્યા છે. વિવિધ રાજ્યોના પ્રવાસન વિભાગો: ભારતના ખૂણે-ખૂણેથી આવેલ વિવિધ રાજ્યોના ટુરિઝમ બોર્ડ્સ અને ખાનગી સ્ટેકહોલ્ડર્સ એક જ છત નીચે એકત્રિત થયા છે. આ કાર્યક્રમમાં ગોવાના પ્રવાસન મંત્રી શ્રી રોહન ખાઉંટે તથા ઉત્તરાખંડના પ્રવાસન મંત્રી શ્રી સતપાલ મહારાજ વિશેષરૂપે સહભાગી બન્યા હતા અને પોતાના રાજ્યોના પ્રવાસન ક્ષેત્રના વિકાસ પર પ્રકાશ પાડ્યો હતો. પ્રવાસન ઉદ્યોગ સાથે જોડાયેલા હોટેલિયર્સ, ટુર્સ એન્ડ ટ્રાવેલ ઓપરેટર્સ તેમજ સામાન્ય નાગરિકો માટે નવા ડેસ્ટિનેશન્સ અને આકર્ષક ડીલ્સ મેળવવાનો આ એક ઉત્તમ મંચ સાબિત થશે. ગાંધીનગર ખાતે યોજાયેલ આ આંતરરાષ્ટ્રીય કક્ષાનો ટ્રેડ ફેર માત્ર પ્રવાસનને જ નહીં, પરંતુ સ્થાનિક અર્થતંત્ર, હોસ્પિટાલિટી અને રોજગારી ક્ષેત્રને પણ ભારે બુસ્ટ આપશે.

### વાવ-થરાદ જિલ્લામાં

## જિલ્લા કક્ષાનું પશુ દવાખાનું અને ICDP કચેરી શરૂ કરવા રજૂઆત

થરાદ

વાવ-થરાદ જિલ્લાના પશુપાલકોના હિતને ધ્યાનમાં રાખીને જિલ્લાના મુખ્ય મથકે જિલ્લા કક્ષાનું પશુ દવાખાનું (પોલીક્લિનિક) તેમજ જિલ્લા કક્ષાની ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના (આઈ.સી.ડી.પી.) ની કચેરી શરૂ કરવાની માંગ સાથે કરવામાં આવેલી રજૂઆતને હકારાત્મક પ્રતિસાદ મળ્યો છે.

ગુજરાત વિધાનસભાના માનનીય અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ આ અંગે સંબંધિત વિભાગને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હોવાનું પત્ર દ્વારા જણાવાયું છે.

આ રજૂઆત ભારતીય જનતા પાર્ટીના થરાદ શહેરના પૂર્વ મહામંત્રી શ્રી પ્રકાશભાઈ સુરજમલ સોની દ્વારા કરવામાં આવી હતી. પશુપાલકોને જિલ્લા કક્ષાની પશુચિકિત્સા અને પશુ વિકાસની સેવાઓ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ થાય તે માટે આ રજૂઆત કરવામાં આવી હતી.

વાવ-થરાદ જિલ્લાના પશુપાલકો વતી માનનીય અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી સાહેબનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. પશુપાલકોનું માનવું છે કે જિલ્લા કક્ષાની આ બંને કચેરીઓ શરૂ થતાં જિલ્લાના હજારો પશુપાલકોને સમયસર અને ગુણવત્તાસભર પશુ આરોગ્ય તેમજ પશુ વિકાસની સેવાઓનો સીધો લાભ મળશે.

### ખાખીના બંદોબસ્ત સામે ઉઠ્યા ગંભીર સવાલો

## વડોદરા સેન્ટ્રલ જેલનો કેદી સયાજી હોસ્પિટલમાંથી પોલીસને ચકમો આપી ફરાર

વડોદરા

સંસ્કારી નગરી વડોદરા શહેરની સેન્ટ્રલ જેલમાંથી સારવાર અર્થે લાવવામાં આવેલો એક કાચા-પાકા કામનો આરોપી પોલીસ બંદોબસ્તની આંખમાં ધૂળ નાખીને સયાજી હોસ્પિટલ (SSG) માંથી ફરાર થઈ જતાં પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. પોલીસ જાપ્તાની ઘોર બેદરકારીના કારણે હોસ્પિટલના દર્દીઓ અને તંત્રમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો સયાજી હોસ્પિટલ દોડી ગયો હતો. વડોદરા સેન્ટ્રલ જેલમાં કેદ આરોપીને શારીરિક તકલીફ અથવા બીમારીના કારણે સયાજી હોસ્પિટલમાં બંદોબસ્ત હેઠળ સારવાર માટે લાવવામાં આવ્યો હતો. દર્દીઓ અને સગા-સંબંધીઓની ભીડનો લાભ લઈને આરોપી લાઈવ જાપ્તાની નજર ચૂકવીને હોસ્પિટલ કમ્પાઉન્ડમાંથી હાથતાળી આપી ભાગી છૂટ્યો હતો. કેદી ફરાર થયાની જાણ થતાં જ શહેર પોલીસ કંટ્રોલ રૂમને મેસેજ આપી વડોદરા શહેરના તમામ પ્રવેશ દ્વારો અને હાઈવે પર નાકાબંધી કરી દેવામાં આવી છે. સયાજી હોસ્પિટલના વોર્ડ અને મુખ્ય દરવાજાના સીસીટીવી (CCTV) ફૂટેજ કબજે કરીને આરોપી કઈ તરફ ભાગ્યો છે તેની દિશા નક્કી કરવા તપાસ હાથ ધરાઈ છે. વડોદરાની સૌથી મોટો સુરક્ષા ઘેરો ધરાવતી સેન્ટ્રલ જેલના આરોપીનું હોસ્પિટલમાંથી સરેઆમ ભાગી જવું એ પોલીસ ડિપાર્ટમેન્ટ માટે ભારે શરમજનક બાબત છે: જાપ્તામાં તૈનાત પોલીસ કર્મચારીઓ શું કરી રહ્યા હતા? શું ફરજ પરના કર્મચારીઓની ગંભીર બેદરકારી હતી કે પછી આરોપી સાથે કોઈ આંતરિક સેટિંગ હતું? હોસ્પિટલમાં સુરક્ષા વ્યવસ્થા કેમ નબળી? વારંવાર જેલના કેદીઓ સારવારના બહાને હોસ્પિટલ આવીને ફરાર થઈ જવાના કિસ્સા બને છે, છતાં કાયમી સુરક્ષા મોડેલ કેમ તૈયાર કરાતું નથી? પાક્કો ગુજરાતની માંગ છે કે આરોપીને તાત્કાલિક ઝડપી પાડવાની સાથે સાથે ફરજમાં ઘોર લાપરવાહી દાખવનાર જાપ્તાના પોલીસ કર્મચારીઓ સામે પણ સસ્પેન્શન સહિતની આકરી શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવે.

## શેડુભાર ખાતે GIDCને મંજૂરી : ચેમ્બર ઓફ કોમર્સ અને વેપારી આગેવાનોએ મુખ્યમંત્રીનો આભાર માન્યો

અમરેલી

અમરેલી તાલુકાના શેડુભાર ખાતે GIDCને મંજૂરી મળ્યા બાદ અમરેલી ચેમ્બર ઓફ કોમર્સ, વેપારી એસોસિયેશન તથા ઉદ્યોગ જગતના આગેવાનોએ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત લઈને આ મહત્વપૂર્ણ નિર્ણય બદલ આભાર વ્યક્ત કર્યો.

પ્રતિનિધિમંડળે જણાવ્યું કે શેડુભાર ખાતે GIDCની સ્થાપનાથી અમરેલી જિલ્લાના ઔદ્યોગિક વિકાસને નવી દિશા મળશે, સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે અને યુવાનો માટે રોજગારીની નવી તકોનું સર્જન થશે. આ પ્રસંગે રાજ્યના મંત્રી કૌશિક વેકરીયાએ GIDCની મંજૂરી માટે કરેલા પ્રયાસોની પણ ચેમ્બર ઓફ કોમર્સ અને વેપારી આગેવાનોએ પ્રશંસા કરી અને તેમનો આભાર વ્યક્ત કર્યો. આ ઉપરાંત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં પણ અમરેલી ચેમ્બર ઓફ કોમર્સ, વેપારી એસોસિયેશન તથા ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓએ મુખ્યમંત્રીના નિર્ણયને આવકારી શુભેચ્છા મુલાકાત કરી અને આભાર વ્યક્ત કર્યો.

### સુરતમાં ટેક્સટાઇલ ક્ષેત્રે કરોડોની ઠગાઈ

## રઘુવીર ટ્રેડ સેન્ટરના 3 કાપડ વેપારીઓ સાથે 4.53 કરોડનું ફ્રોડ

**આ સમગ્ર કૌભાંડ આચરનાર 'વીરા ટેક્સટાઇલ એજન્સી'ના કાપડ દલાલ રોહિત તેલપુરીયાની સારોલી પોલીસે ધરપકડ કરી લીધી છે..**

સુરત

સુરતના કાપડ બજારમાં ઠગાઈ અને છેતરપિંડીના કિસ્સાઓ અટકવાનું નામ નથી લઈ રહ્યા. શહેરના મગોબ સ્થિત 'રઘુવીર ટ્રેડ સેન્ટર'માં આવેલી લીલાન ફેબ્રિક ફર્મ સહિત ત્રણ મોટા કાપડ વેપારીઓ સાથે રૂ. 4.53 કરોડની માતબર રકમની મોટું ફ્રોડ આચરવામાં આવ્યું છે. આ સમગ્ર કૌભાંડ આચરનાર 'વીરા ટેક્સટાઇલ એજન્સી'ના કાપડ દલાલ રોહિત તેલપુરીયાની સારોલી પોલીસે ધરપકડ કરી લીધી છે. સુરત અને અમદાવાદના બોગસ વેપારીઓના નામે માલસામાન મંગાવીને આચરવામાં આવેલા આ કૌભાંડથી સમગ્ર ટેક્સટાઈલ માર્કેટમાં ભારે ખળભળાટ મચી ગયો છે. 'વીરા ટેક્સટાઈલ એજન્સી'ના બ્રોકર રોહિત



તેલપુરિયા અને તેના સાગરીત વિશાલ ગાંધીએ સાથે મળીને આ મોટું કૌભાંડ રચ્યું હતું. 20 બોગસ વેપારીઓના નામે માલ મંગાવ્યો: આરોપી દલાલોએ સુરત અને અમદાવાદની મહિલાઓ સહિત કુલ 20 જેટલા વેપારીઓના નામે કાપડનો મોટો જથ્થો ઓર્ડર કરીને મંગાવ્યો હતો. વેપારીઓ પાસેથી 4.53 કરોડથી વધુની કિંમતનું કાપડ મેળવ્યા બાદ સમયસર પેમેન્ટ ન ચૂકવીને તમામ માલ બારોબાર સગેવગે કરી દેવામાં આવ્યો હતો.

છેતરપિંડીનો ભોગ બનેલા વેપારીઓએ સારોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી મુખ્ય દલાલ રોહિત તેલપુરીયાની ધરપકડ કરી લીધી છે.

### ₹1.67 કરોડનો માતબર મુદ્દામાલ જપ્ત

## છત્રાલ GIDCમાં ધમધમતી નકલી ઘીની ફેક્ટરી પર પોલીસના દરોડા

vગાંધીનગર

ગાંધીનગર નજીક આવેલી છત્રાલ જીઆઈડીસી (GIDC) માં લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ખીલવાડ કરતી નકલી ઘી બનાવતી ફેક્ટરી પર પોલીસે ત્રાટકીને મોટો પર્દાફાશ કર્યો છે. બ્રાન્ડેડ કંપનીઓના નામે કેમિકલ અને ભેળસેળયુક્ત નકલી ઘી બનાવી બજારમાં પધરાવવાના આ કાળા કારોબાર પર પોલીસ અને તંત્ર દ્વારા દરોડો પાડીને 1.67 કરોડનો માતબર મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.



તહેવારો અને લગ્નસરાની મોસમ પહેલાં સક્રિય થયેલી આ નકલી ઘીની ફેક્ટરી ઝડપાતા જ રાજ્યભરના નાગરિકો અને ખાદ્યપદાર્થોના વેપારીઓમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

ગુપ્ત બાતમીના આધારે કાર્યવાહી: છત્રાલ GIDC માં આવેલા એક શેડમાં મોટા પાયે નકલી અને કેમિકલયુક્ત ઘીનું ઉત્પાદન થતું હોવાની ચોક્કસ બાતમી આધારે દરોડો પાડવામાં આવ્યો હતો.

પોલીસે સ્થળ પરથી હજારો લિટર પ્રોસેસ કરેલું નકલી ઘી, રો-મટીરીયલ, પામ ઓઈલ, વિવિધ ફ્લેવર્સ, પેકિંગ મશીનરી અને નામાંકિત બ્રાન્ડના ડુપ્લિકેટ ડબ્બા-રેપર્સ મળી કુલ 1,67,00,000 નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. લોકોના સ્વાસ્થ્ય સાથે મોટો ખીલવાડ: શુદ્ધ ઘીના નામે ઝેરી રાસાયણિક મિશ્રણ ભેળવીને આ માલ બજારમાં સપ્લાય કરવામાં આવતો હતો, જે લાંબા ગાળે માનવ શરીર માટે અત્યંત ઘાતક સાબિત થઈ શકે છે.

બનાવ સ્થળેથી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે ઘીના વિવિધ નમૂનાઓ લઈને લેબોરેટરી પરીક્ષણ માટે મોકલી આપ્યા છે અને ફેક્ટરીના સંચાલકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગુજરાતમાં અવારનવાર નકલી તેલ, નકલી માવો અને નકલી ઘી બનાવતી ફેક્ટરીઓ પકડાય છે, જે દર્શાવે છે કે નફાખોરોને કાયદાનો કોઈ ભય રહ્યો નથી. GIDC જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં પ્રોડક્શનના નામે આવા કાળા કારોબાર ધમધમી રહ્યા છે ત્યારે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને સ્થાનિક પોલીસ દ્વારા માત્ર દરોડા પાડીને સંતોષ માનવાને બદલે આવી ફેક્ટરીઓ ચલાવનારાઓ અને તેમના આકાઓ સામે પાસા (PASA) સહિતની આકરી કાનૂની કાર્યવાહી કરવી અત્યંત જરૂરી બની ગઈ છે.

### મહિલાએ છાતી પર બાંધ્યા હતા ડ્રગ્સના પેકેટ!

## હરણી પોલીસે રૂપિયા 41 લાખના MD ડ્રગ્સ સાથે મધ્યપ્રદેશના દંપતીને દબોચ્યું

વડોદરા

વડોદરા શહેરની હરણી પોલીસ ટીમને નશાના કાળા કારોબાર સામે બહુ મોટી સફળતા સાંપડી છે. મધ્યપ્રદેશથી સ્કોર્પિયો કારમાં મેફેડ્રોન (MD) ડ્રગ્સનો જથ્થો લઈને અમદાવાદના એક તસ્કરને ડિલિવરી આપવા નીકળેલા પતિ-પત્નીને પોલીસે ઝડપી પાડ્યા છે. દંપતીએ પોલીસને ચકમો આપવા માટે ડ્રગ્સ છુપાવવાની અત્યંત ચોંકાવનારી કીમિયો અજમાવ્યો હતો. પોલીસે રૂ. 41 લાખથી વધુની કિંમતનું MD ડ્રગ્સ અને સ્કોર્પિયો કાર સહિત કુલ રૂ. 57.19 લાખનો મુદ્દામાલ જપ્ત




કરીને દંપતી સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ઝડપાયેલા આરોપીઓમાં મધ્યપ્રદેશના મંદસૌર જિલ્લાના સીતામઉ ગામના ઐયુબખાન જમાનખાન અને તેની પત્ની નાઝમીનનો સમાવેશ થાય છે. તપાસ દરમિયાન મહિલા આરોપી નાઝમીને પોતાના શરીર પર અને ખાસ કરીને છાતીના ભાગે 1 કિલોથી વધુ વજનના ડ્રગ્સના પેકેટો પ્લાસ્ટિકથી બાંધીને છુપાવ્યા હોવાનું સામે આવ્યું હતું. દંપતી મંદસૌરના જાફર નામના શખ્સ પાસેથી માત્ર 7 લાખ રૂપિયામાં 1 કિલો 396 ગ્રામ અને 710 મિલિગ્રામ જથ્થો ખરીદીને લાવ્યું હતું, જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત આશરે 41.89 લાખ થાય છે. આ ડ્રગ્સનો જથ્થો અમદાવાદના 'રવિ' નામના તસ્કરને સોંપવાનો હતો. રવિ પોતે વડોદરા આવીને દંપતી પાસેથી આ જથ્થો રીસીવ કરવાનો હતો. હરણી પોલીસે 41.89 લાખનું MD ડ્રગ્સ, સ્કોર્પિયો કાર, મોબાઈલ ફોન મળીને કુલ 57,19,000 નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસની નજરથી બચવા માટે હવે ડ્રગ્સ માફિયાઓ મહિલાઓ અને દંપતીઓનો ઉપયોગ 'કુરિયર' તરીકે કરી રહ્યા છે, જેથી ક્યાંય શંકા ના ઉપજે. વડોદરાની હરણી પોલીસે સમયસૂચકતા વાપરીને આ મોટા જથ્થાને ઝડપી લીધો છે. હાલ હરણી પોલીસ દ્વારા દંપતીના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## હિંમતનગરની હાથમતી કેનાલમાંથી યુવકની લાશ મળી

ઇડર, જાકીર મેમણ

માચીસ ફેક્ટરીમાં રહેતો યુવક ગઈકાલ બપોરથી ગુમ હતો, પોલીસે કાર્યવાહી હાથ ધરી હિંમતનગરની હાથમતી કેનાલમાંથી આજે બપોરે એક યુવકની લાશ મળી આવી હતી. મોતીપુરા વિસ્તારમાં સ્થાનિકોએ લાશને કેનાલમાંથી બહાર કાઢી હતી અને પોલીસને જાણ કરી હતી.



એ ડિવિઝન પોલીસે ઘટનાસ્થળે પહોંચી પી.એમ. સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. તપાસ દરમિયાન લાશની ઓળખ હિંમતનગરના માચીસ ફેક્ટરી વિસ્તારમાં રહેતા ૨૨ વર્ષીય અનિલભાઈ રમેશભાઈ વાઘેલા તરીકે થઈ હતી. પોલીસકર્મી રાજુભાઈ મોડિયાએ જણાવ્યું હતું કે, અનિલભાઈ ગઈકાલે બપોરે કુદરતી હાજતે જવાનું કહીને ઘરેથી નીકળ્યા હતા, પરંતુ રાત સુધી પરત ફર્યા ન હતા. તેમને બીમારી પણ હતી અને તેઓ અવારનવાર ઘરેથી જતા રહેતા હતા આજે સવારે તેમના પરિવારજનોએ ગુમ થયા અંગે જાણવાજોગ અરજી આપી હતી. લાશની ઓળખ થયા બાદ તેને પોસ્ટમોર્ટમ માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

### કરજણ પાસે વડોદરા ગ્રામ્ય LCBનો મોટો દરોડો

## બિલ-બિલ્ટી વગરનો 47 લાખનો રાજ નિવાસ પાન મસાલા અને તંબાકુનો જથ્થો ઝડપાયો..!

વડોદરા

વડોદરા ગ્રામ્ય એલ.સી.બી. (LCB) પોલીસની ટીમે કરજણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન એક્સપ્રેસ-વે (NE-4) પર સાંપા-બોડકા ગામના બ્રિજ પાસે વોચ ગોઠવીને મોટી સફળતા મેળવી છે. સુરત તરફથી આવી રહેલી એક શંકાસ્પદ ટ્રકમાંથી બિલ કે બિલ્ટી વગરનો 46.98 લાખની કિંમતનો રાજ નિવાસ પાન મસાલા અને પ્રિમીયમ ઝાફરાની ઝર્દા (તંબાકુ)નો ભવ્ય જથ્થો પકડી પાડ્યો છે.

પોલીસે ટ્રક અને મોબાઈલ સહિત કુલ 57,03,000 નો મુદ્દામાલ કબ્જે કરી ડ્રાઈવરની અટકાયત કરી છે.



અ.મ.સ.ઈ. ભુપતભાઈ વીરમભાઈ તથા એલ.સી.બી. સ્ટાફને મળેલી સંયુક્ત બાતમીના આધારે સફેદ તાડપત્રી બાંધેલી અશોક લેલેન્ડ ટ્રક (GJ-01-JT-6427) ને NE-4 હાઈવે પર ઘેરીને રોકવામાં આવી હતી. ્રક ચાલક નારાયણ માવાજી મીણા (ઉં.વ. 35, રહે. ઉદેપુર, રાજસ્થાન) ને નીચે ઉતારી પૂછપરછ કરતા માલ અંગે કોઈ પણ કાયદેસરના બિલ કે આધાર પુરાવા મળી આવ્યા ન હતા.

ડ્રાઈવરે ખુલાસો કર્યો કે મોડાસાના શેઠ 'મુસ્તુફાભાઈ'ના કહેવાથી તે સવાઈ માધોપુર (રાજસ્થાન) ગોડાઉનથી માલ ભરી સુરત લાવ્યો હતો.

ત્યારબાદ શેઠે ફોન કરીને માલ સુરતને બદલે ગોધરા ખાલી કરવા જણાવતા તે ગોધરા જઈ રહ્યો હતો.

મુદ્દામાલની ગણતરી (કરજણ પો.સ્ટે. કમ્પાઉન્ડ): રાજ નિવાસ પાન મસાલા: 150 મીણીયા થેલામાંથી કુલ 9,36,000 નંગ પડીકી મળી આવી (કિંમત 28,08,000).

## બાંટવામાં મિલકતની અદાવતમાં ભાઈએ ભાઈ પર છરી વડે કર્યો હુમલો

માણાવદર, જીજ્ઞેશ પટેલ

માણાવદર તાલુકાના બાંટવામાં મિલકતના ભાગ બાબતે પુત્રએ માતાને માર મારતા ભાઈ વચ્ચે પડ્યો હતો.

જેને છરી ઝીંકી દેતા આઠ ટાંકા આવ્યા હતા. આ અંગે ફરિયાદ થતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.




બાંટવામાં જૂના ઝાંપા વિસ્તારમાં રહેતા ભીમાભાઈ પુંજાભાઈ ગરેજા (ઉ.વ.૪૮) ને તેના નાના ભાઈ કરશન પુંજા ગરેજા સાથે બાપ-દાદાની મિલકત બાબતે મનદુઃખ ચાલી રહ્યું છે. ગઈકાલે રાત્રે ભીમાભાઈ તથા તેના માતા ઘરમાં બેઠા હતા ત્યારે કરશને આવી માતા અજીબેનને 'તમે કેમ ફળીયામાં કચરો નાખો છો' તેમ કહી બોલાચાલી કરી માતાને ઢીકાપાટુનો માર મારવા લાગ્યો હતો.

આથી ભીમાભાઈ માતાને બચાવવા વચ્ચે પડતા કરશને ઉશ્કેરાઈ જઈ છરી કાઢી ભીમાભાઈના પડખામાં ઝીંકી દીધી હતી. તેઓને લોહીલોહાણ હાલતમાં માણાવદર ખસેડાયા હતા જ્યાં આઠ ટાંકા લેવા પડ્યા હતા.

આ અંગે ભીમાભાઈએ પોતાના નાના ભાઈ કરશન ગરેજા સામે ફરિયાદ નોંધાવતા બાંટવા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.


## તંત્રી લેખ...

# પત્રકારત્વના મુગટ પર હવસનો ડાઘ! જ્યારે લડવૈયો જ લૂંટારો બન્યો, ત્યારે કાયદાનો આકરો ચાબુક જ એકમાત્ર ઉપાય

બોમ્બે હાઈકોર્ટની ગોવા બેન્ચ દ્વારા ૨૦૧૩ના બળાત્કાર કેસમાં 'તહેલકા'ના સ્થાપક અને પૂર્વ તંત્રી તરુણ તેજપાલને ૧૦ વર્ષની આકરી કેદની સજા ફટકારવામાં આવી છે. નીચલી અદાલતે તરુણ તેજપાલને આપેલા મુક્તિના આદેશને રદબાતલ ઠેરવીને હાઈકોર્ટે આપેલો આ ઐતિહાસિક ચુકાદો દેશની તમામ મહિલાઓ માટે કાયદાકીય વિશ્વાસનું મોટું પ્રતીક બનીને ઊભર્યો છે. પરંતુ એક વરિષ્ઠ પત્રકાર તરીકે અને એક જાગરૂક સમાજના હિસ્સા તરીકે આ નિર્ણય માત્ર એક ચુકાદો નથી, પરંતુ એક ઘાતક સવાલ અને ગંભીર મંથન છે: 'આખરે ક્યાં સુધી સત્તા, હોદ્દો અને પૈસાના નશામાં અંધ થયેલા નરાધમો પોતાના જ ક્ષેત્રની મહિલા સહકર્મીઓને હવસનો શિકાર બનાવતા રહેશે?'

એક યુવતી જ્યારે ઉચ્ચ શિક્ષણ મેળવીને, આંખોમાં પત્રકારત્વના ક્ષેત્રમાં કંઈક કરી છૂટવાના અઢળક સપનાઓ લઈને કોઈ પ્રતિષ્ઠિત સંસ્થાના દરવાજે પગ મૂકે છે, ત્યારે તે પોતાના તંત્રી કે વરિષ્ઠોને માત્ર 'બોસ' નથી ગણતી, પરંતુ એક માર્ગદર્શક અને રક્ષક તરીકે જુએ છે. પોતાના પરિવારથી દૂર, પોતાની કારકિર્દી બનાવવા માટે એક વિશ્વાસ સાથે નોકરી પર આવતી દીકરી પર જ્યારે તેનો જ વરિષ્ઠ અધિકારી પોતાની હવસનો પંજો મારે, ત્યારે તે માત્ર એક શારીરિક શોષણ નથી રહેતું, પણ એ કૂંપળના આત્મવિશ્વાસ, આત્મસન્માન અને તેના આત્માની નિર્મમ હત્યા બની જાય છે.

'તહેલકા' જેવી પત્રિકા, જેણે દેશમાં સત્તાધીશોના ભ્રષ્ટાચાર અને




અન્યાય સામે સ્ટિંગ ઓપરેશનો કરીને નૈતિકતાના મોટા મોટા ભાષણો આપ્યા હતા, તેના જ કર્તાધર્તા જ્યારે પોતાની જુનિયર મહિલા પત્રકાર સાથે લિફ્ટમાં અમાનુષી આચરણ કરે અને યોન શોષણ આચરે, ત્યારે પત્રકારત્વ જેવા પવિત્ર અને જવાબદાર ક્ષેત્રનું મસ્તક શરમથી ઝૂકી જાય છે. પોતાના પદનો રોફ બતાવીને સહકર્મીની 'ના'ને પોતાના અહંકાર નીચે કચડી નાખતી આ વિકૃત માનસિકતા સમાજ માટે કેન્સર સમાન છે. જે કલમ સમાજને અરીસો બતાવવાનું કામ કરે છે, તે જ કલમ ઝાલનારો જો આવી હીન કક્ષાની હવસનો દાસ બની જાય, તો તે સમગ્ર પત્રકાર આલમ પર ક્યારેય ન ભૂંસાય તેવું કાળું કલંક છે.

આજે સમાજમાં એવો દાખલો બેસવો અત્યંત જરૂરી છે કે કોઈ વ્યક્તિ ભલે ગમે તેવી ઊંચી વગ ધરાવતી હોય, ગમે તેવા મોટા પદ પર બેઠી હોય કે ગમે તેટલી પહોંચ ધરાવતી હોય–સ્ત્રીનું આત્મસન્માન અને દેશનો કાયદો તેનાથી ક્યાંય ગણો ઉપર છે. ૧૦ વર્ષની જેલની સજા એ એવા તમામ નરાધમો માટે આકરો સંદેશ છે જેઓ ઓફિસો અને કાર્યસ્થળો (Workplace) ને પોતાની વિકૃતિ શમાવવાનું અડ્ડો સમજે છે. મહિલાઓ એ કોઈ પુરુષના મનોરંજનનું સાધન નથી.

કાર્યસ્થળે સુરક્ષિત વાતાવરણ મેળવવું એ દરેક મહિલાનો બંધારણીય અને માનવ અધિકાર છે. જે ક્ષેત્ર સત્ય અને ન્યાય માટે લડે છે, ત્યાં જ જો આવા અસુરો નિર્દોષ દીકરીઓની કારકિર્દી અને ઈજ્જત રોંદવાનું પાપ કરશે, તો કાયદો તેમને જેલના સળિયા પાછળ ધકેલીને જ જંપશે. બોમ્બે હાઈકોર્ટનો આ આકરો ચુકાદો ભવિષ્ય માટે એક ગંભીર ચેતવણી છે કે વિશ્વાસઘાત અને હવસના ખેલનો અંત માત્ર અને માત્ર સજા અને બદનામી જ હોય છે.


કાર્યસ્થળે સુરક્ષિત વાતાવરણ મેળવવું એ દરેક મહિલાનો બંધારણીય અને માનવ અધિકાર છે. જે ક્ષેત્ર સત્ય અને ન્યાય માટે લડે છે, ત્યાં જ જો આવા અસુરો નિર્દોષ દીકરીઓની કારકિર્દી અને ઈજ્જત રોંદવાનું પાપ કરશે, તો કાયદો તેમને જેલના સળિયા પાછળ ધકેલીને જ જંપશે. બોમ્બે હાઈકોર્ટનો આ આકરો ચુકાદો ભવિષ્ય માટે એક ગંભીર ચેતવણી છે કે વિશ્વાસઘાત અને હવસના ખેલનો અંત માત્ર અને માત્ર સજા અને બદનામી જ હોય છે.


**- ગ્રુપ એડિટર પવન માકન**

# દિલ્હી જંતર-મંતર પર સભા ગાજવનાર ઉત્તરાખંડ પોલીસના કોન્સ્ટેબલ બરતરફ: અભિજીત દીપકે સાથે સ્ટેજ શેર કરવું પડ્યું મોંઘું!



ખાખી વર્દીના શિસ્ત અને નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ઉત્તરાખંડ પોલીસે એક મોટો અને કડક નિર્ણય લીધો છે. દિલ્હીના જંતર-મંતર ખાતે આયોજિત વિરોધ પ્રદર્શન દરમિયાન આંદોલનકારી અભિજીત દીપકે સાથે સ્ટેજ શેર કરનાર અને ભાષણ આપનાર પોલીસ કોન્સ્ટેબલને નોકરીમાંથી સીધો બરતરફ (ડિસ્મિસ) કરી દેવામાં આવ્યો છે.

પોલીસ વિભાગના આ આકરા પગલાથી સમગ્ર પોલીસ બેડામાં અને સામાજિક-રાજકીય વર્તુળોમાં ભારે ચકચાર મચી ગઈ છે.

પોઈન્ટ બાય પોઈન્ટ: ઘટના અને બરતરફીની મુખ્ય વિગતો

જંતર-મંતર પર મંચ સાઝો કર્યો: ઉત્તરાખંડ પોલીસમાં ફરજ બજાવતો કોન્સ્ટેબલ પોતાની સત્તાવાર ફરજ અને ખાખી વર્દીના નિયમોને બાજુ પર મૂકીને દિલ્હીના જંતર-મંતર પહોંચ્યો હતો.

અભિજીત દીપકે સાથે જોડાણ: તેણે ત્યાં ચાલતા આંદોલન દરમિયાન ચર્ચિત ચહેરા અભિજીત દીપકે સાથે મંચ શેર કર્યો હતો અને સભાને સંબોધિત કરી હતી.

સર્વિસ રૂલ્સનો ભંગ: પોલીસ ડિપાર્ટમેન્ટના કડક સર્વિસ કંડક્ટ રૂલ્સ મુજબ કોઈ પણ ઓન-ડ્યુટી કે પોલીસ કર્મચારી રાજકીય/સામાજિક આંદોલનોમાં ભાગ લઈ શકતો નથી કે મંચ પરથી નિવેદનો આપી શકતો નથી.

વિભાગીય તપાસ બાદ કાર્યવાહી: ઘટનાનો વીડિયો અને અહેવાલ સામે આવતા જ ઉત્તરાખંડ પોલીસ વડા અને ઉચ્ચ અધિકારીઓએ ગંભીર નોંધ લીધી હતી અને તાત્કાલિક અસરથી સેવા સમાપ્તિનો (Sack/Dismissal) આદેશ આપ્યો હતો.

પાક્કો ગુજરાત વિશ્લેષણ: ખાખીની શિસ્ત કે અભિવ્યક્તિની આઝાદી?

આ ઘટનાએ ફરી એકવાર સરકારી કર્મચારીઓ, ખાસ કરીને શિસ્તબદ્ધ દળ ગણાતી પોલીસ ફોર્સના અધિકારો અને નિયમો પર મોટી બહેસ છેડી દીધી છે:

એક તરફ પોલીસ વિભાગનું સ્પષ્ટ માનવું છે કે સશસ્ત્ર અને કાયદાનું પાલન કરાવતી ફોર્સમાં જો અનુશાસનહીનતા ચલાવી લેવાય, તો આખી સિસ્ટમ પડી ભાંગે.

બીજી તરફ, આંદોલનકારીઓ અને સમર્થકો આ કાર્યવાહીને આકરો દંડ ગણાવી રહ્યા છે.

જોકે, ઉત્તરાખંડ પોલીસે આ કડક આદેશ આપીને તમામ કર્મચારીઓને સ્પષ્ટ સંદેશ આપી દીધો છે કે કાયદા અને વર્દીના નિયમોથી ઉપર કોઈ નથી.

# રાજકોટ રામેશ્વર મહાદેવ મંદિરમાં શ્રાવણ માસમાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

રાજકોટઃ રામેશ્વર મહાદેવ મંદિર સમિતિ, જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહિલા સત્સંગ મંડળ અને મંદિરના સંચાલક મંડળના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૧૩ મી ઓગસ્ટ ગુરૂવારથી આખો શ્રાવણ માસ રામેશ્વર મહાદેવ મંદિરમાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવશે. પરોઢથી રાત સુધી મંદિરમાં શિવપૂજા-અર્ચન, રૂદ્રાભિષેક, મહાઆરતી, દિપમાલા અને સત્સંગ મંડળે ભજન-ધૂનનું આયોજન કર્યું છે. શ્રદ્ધાળુઓને સમજાવી શિવને પ્રતિક દૂધ ચડાવી વધેલું દૂધ એકઠું કરી બપોરે દૂધ જરૂરીયાતમંદ વસાહતમાં આપવામાં આવશે. દૂધનો બગાડ કરવામાં આવશે નહિ. મંદિરમાં કોઈપણ જાતના ફંડફાળા કરવામાં આવતા નથી.



દૂધના સળંગ અભિષેક માટે પાબંદી કરવામાં આવી છે. દરરોજ બપોરે એક સુધી જ અભિષેક, જલાભિષેક, રૂદ્રી, પૂજા-પાઠ વગેરે સમય નક્કી કરવામાં આવ્યો છે.

મંદિરના સહવ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસ, વિનોદરાય ભટ્ટ અને વિજયભાઈ જોબનપુત્રાની નિગરાનીમાં શ્રાવણ માસ આખો ધાર્મિક કાર્યક્રમો માટે જવાબદારી સોંપવામાં આવી છે. તેમની સાથે શોભનાબેન ભાણવડિયા, હર્ષાબેન પંડયા, નેહાબેન મહેતા, જીગીસાબેન રાવલ, કિર્તીબેન કગથરા, ભારતીબેન ગંગદેવ, ભક્તિબેન ખખ્ખર, આશાબેન મજેઠીયા, યોગીતાબેન જોબનપુત્રા, ઉપરાંત કમિટીના વિવેકભાઈ રાવલ, પાર્થ ગોહેલ, પૂજારી પ્રવિણભાઈ જોષી વિગેરે મંદિરમાં સુશોભન, શણગાર, રોશની, હિંડોળા, દર સોમવાર શિવને વિશેષ પૂજા-મહાઆરતી, દિપમાલા, કમળપૂજા સહિત ભાવપૂર્ણ આયોજન માટે જવાબદારી સોંપવામાં આવી છે. દરરોજ રાત્રીના ઈલેક્ટ્રીક રોશનીથી મહાદેવધામ શોભાયમાન થશે.

મંદિરના સહવ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસ, વિનોદરાય ભટ્ટ અને વિજયભાઈ જોબનપુત્રાએ વિગત આપતા જણાવ્યું કે તા. ૧૫/૮ શનિવાર સ્વાતંત્ર પર્વ અને ધ્વજવંદન સમારોહ મંદિરના પટાંગણમાં સવારે ૯ કલાકે ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમ, તા. ૨૩/૮ રવિવાર પુત્રદા એકાદશી, તા. ૨૮/૮ શુક્રવાર સવારે ૧૦ કલાકે સામુહિક રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવશે, તા. ૩૧/૮ સોમવાર ફુલકાજળી વ્રત અને સંકટ ચતુર્થીનું પુજન મંદિરના પુજારી દ્વારા કરાવવામાં આવશે, તા. ૧/૯ મંગળવાર નાગપંચમી, તા. ૨/૯ બુધવાર રાંધણ છઠ, તા. ૩/૯ ગુરૂવાર શીતળા સાતમ, તા.૪/૯ શુક્રવાર જન્માષ્ટમી પર્વની ઉજવણી, આખો દિવસ ધાર્મિક કાર્યક્રમો ઉપરાંત રાત્રીના ૧૨-૦૦કલાકે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવશે, તા. ૭/૯ સોમવાર અજા એકાદશી અને તા. ૧૦/૯ ગુરૂવાર અમાસ અને તા. ૧૨/૯ શનિવાર સાથે શ્રાવણ માસના પર્વની પુર્ણાહુતિ નિમિત્તે આખો દિવસ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૩/૯ રવિવારથી નવરાત્રિ પર્વ માટે ગરબીની પ્રેક્ટીસ સાંજે ૬-૦૦ કલાકથી શરૂ થશે.

મંદિર કમિટીના સુનીતાબેન વ્યાસ, શોભનાબેન ભાણવડીયા અને આશાબેન મજેઠીયાએ પટ્ટાંગણમાં નિયમિત સફાઈ, સ્વચ્છતા અભિયાન અંતર્ગત પ્રચાર કરી શેરીએ શેરીએ અમલ થાય તે માટે કામગીરી ઉપાડી છે. સત્સંગ મંડળે દરરોજ સાંજે સાડા પાંચથી આરતી સુધી ભજન-ધૂન-કિર્તન રાખવામાં આવ્યા છે.

રાજકોટ રૈયા રોડ, બ્રહ્મસમાજ પાસે, અનિલ જ્ઞાનમંદિર સ્કૂલની પાછળ મહાદેવધામમાં શ્રાવણ માસમાં પૂજા-પાઠ, અભિષેક, ધાર્મિક કાર્યક્રમોમાં જીવનનગર, જ્ઞાનજીવન, દેશળદેવ પરા, અમી પાર્ક, બ્રહ્મસમાજ, તિરૂપતિનગર, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર, જીવનજ્યોત, રાવલનગર, અમૃતા સોસાયટી, શિવપરા, આસપાસના રહીશો દરરોજ દર્શનાર્થે મંદિરે અચૂક હાજરી આપે છે. આરતી જોવા લોકો સ્વયંભુ આવે છે. લોકોમાં ધાર્મિક ઉત્સાહ વધાર્યો છે.

# જંતર-મંતર પર ધડાકા બાદ કૉક્રોચ જનતા પાર્ટીનો મોટો વિસ્ફોટ: ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું અપાવ્યા પછી હવે આરપારના જંગની તૈયારી!

દિલ્હીના ઐતિહાસિક જંતર-મંતર પર જોરદાર આંદોલન ખેંચીને કેન્દ્રીય શિક્ષણ ક્ષેત્રે ભુકંપ સર્જનાર 'કૉક્રોચ જનતા પાર્ટી' (CJP) હવે આરપારના મૂડમાં આવી ગઈ છે. તત્કાલીન કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું મેળવવામાં સફળ રહ્યા બાદ પાર્ટીએ દેશના શિક્ષણ તંત્રને હચમચાવી મૂકવાની નવી ઘાતક વ્યૂહરચના ગોઠવી દીધી છે. આ સફળતા બાદ આંદોલનને આગળ ધપાવવા માટે પાર્ટીના સ્થાપક અભિજીત દીપકેના નિવાસસ્થાને બે દિવસીય હાઈવોલ્ટેજ બેઠક યોજાઈ હતી.



### બે દિવસીય મહામંથનમાં ઘડાઈ આગામી રણનીતિ

અભિજીત દીપકેના ઘરે યોજાયેલી બે દિવસની આ સઘન બેઠકમાં પાર્ટીના ઉચ્ચ નેતાઓ અને કાર્યકરોએ ભાગ લીધો હતો. શિક્ષણ તંત્રમાં વ્યાપ્ત ભ્રષ્ટાચાર, અન્યાય અને ખામીઓ સામે આગામી દિવસોમાં કેવી રીતે આક્રમક મોરચો માંડવો તે અંગે ઊંડું મંથન કરવામાં આવ્યું હતું. જંતર-મંતરની જીત તો માત્ર એક શરૂઆત હતી, હવે આ લડાઈને દેશના ખૂણે-ખૂણે પહોંચાડવાનો માસ્ટરપ્લાન તૈયાર થઈ ચૂક્યો છે.

### પ્રેસ કૉન્ફરન્સમાં અભિજીત દીપકેનો સીધો હુમલો

ગુરુવારે બપોરે એક ધમાકેદાર પ્રેસ કૉન્ફરન્સને સંબોધતા સ્થાપક અભિજીત દીપકેએ કૉક્રોચ જનતા પાર્ટીની આગામી યોજનાઓની જાહેરાત કરી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતાં જણાવ્યું કે, 'અમારો હેતુ માત્ર એક રાજીનામું મેળવવાનો નહોતો, પરંતુ શિક્ષણ વ્યવસ્થામાં વ્યાપેલી સડો દૂર કરવાનો છે.' તેમણે આગામી સમયમાં દેશભરમાં આંદોલનનો વ્યાપ વધારવા અને વિદ્યાર્થીઓના હક માટે વધુ ઉગ્ર લડાઈ લડવાના સંકેત આપ્યા છે.

### શિક્ષણ જગતમાં ખળભળાટ

કૉક્રોચ જનતા પાર્ટીના આક્રમક વલણ અને અભિજીત દીપકેના નિવેદનો બાદ હવે દેશના રાજકીય અને શૈક્ષણિક વર્તુળોમાં ભારે સન્નાટો અને ખળભળાટ મચી ગયો છે. સત્તાધીશો અને તંત્ર સામે CJP હવે કયા નવો ધડાકો કરે છે તેના પર સૌની નજર ટકેલી છે

# સાચા સંબંધની સુંદરતા: એકબીજાની ભૂલોને સ્વીકારવામાં જ પ્રેમ અને સ્નેહનો સાચો અર્થ સમાયેલો છે

માનવ જીવનમાં સંબંધોનું સ્થાન અનન્ય છે. લોહીના સંબંધો હોય, મિત્રતા હોય કે પછી જીવનસાથી સાથેનો સાથ–કોઈપણ સંબંધની મજબૂતી તેની પરફેક્શનમાં નહીં, પરંતુ એકબીજાને તેની તમામ ક્ષતિઓ સાથે સ્વીકારવાની ઉદારતામાં રહેલી છે. જગતમાં નિર્દોષ કે સંપૂર્ણ ભૂલરહિત મનુષ્ય શોધવો એ આકાશમાંથી તારા તોડી લાવવા જેવું અશક્ય કામ છે. જો આપણો અભિગમ જ એવો રહેશે કે સામેની વ્યક્તિ સંપૂર્ણપણે ભૂલરહિત હોય, તો એ વાત નક્કી છે કે આખી જિંદગી આપણે એકલતામાં જ વિતાવવી પડશે.

### સંબંધોની ભીનાશ જાળવી રાખવા માટે આટલું અવશ્ય વિચારો

કોઈપણ વ્યક્તિ સંપૂર્ણ નથી: ભગવાને માનવ શરીર અને મનની રચના એવી કરી છે કે ભૂલ થવી એ માનવ સહજ સ્વભાવ છે. જો આપણે આપણી પોતાની ભૂલો પ્રત્યે ક્ષમાભાવ રાખતા હોઈએ, તો પ્રિયજનોની ભૂલો પ્રત્યે પણ એટલી જ ક્ષમાશીલતા દાખવવી જોઈએ. ભૂલ અને દાનત વચ્ચેનો ભેદ: સંબંધોમાં ભૂલ સ્વીકારતી વખતે એ જોવું જરૂરી છે કે ભૂલ અજાણતા કે સંજોગોવશાત થઈ છે કે પછી કોઈની દાનત જ ખરાબ હતી. અજાણતા થયેલી ભૂલને સહન કરીને માફ કરી દેવી એ જ સાચા સંબંધની ઓળખ છે.

અહંકાર છોડીને ક્ષમા આપો: ઘણીવાર નાની-નાની બાબતોમાં અહંકાર આડો આવી જાય છે અને આપણે વર્ષો જૂના સુંદર સંબંધોને એક ક્ષણમાં તોડી નાખીએ છીએ. જતું કરવાની અને માફ કરવાની ક્ષમતા જ સંબંધને લાંબો આયુષ્ય આપે છે.

એકલતાથી બચવાનો સુવર્ણ નિયમ: જે લોકો સંબંધોમાં નાની-નાની ભૂલોને પકડીને બેસી રહે છે, તેઓ ધીમે-ધીમે પોતાના સ્નેહીજનોથી દૂર થતા જાય છે. અંતે તેમની પાસે માત્ર એકલતા અને પસ્તાવો જ બાકી રહે છે.

### અંતરનો નિષ્કર્ષ

સંબંધ એ કાચના વાસણ જેવા હોય છે, જેને સાચવવા માટે સ્નેહ, સમજણ અને જતું કરવાની ભાવનારૂપી કવરની જરૂર પડે છે. જે સંબંધમાં એકબીજાની કમીઓને ઢાંકીને માત્ર પ્રેમને મહત્વ આપવામાં આવે છે, તે સંબંધ ક્યારેય તૂટતો નથી.

આજના આ ભાગદોડભર્યા જીવનમાં તમારા સ્નેહીજનો અને મિત્રોની ભૂલોને ભૂલીને તેમને હૃદયથી વળગાડી લો, કારણ કે પ્રેમથી મોટો કોઈ કાયદો નથી અને ક્ષમાથી મોટું કોઈ ઘરેણું નથી.

# અંતરિક્ષ પ્રવાસન: બ્રહ્માંડની સફર અને માનવજાતનું નવું સીમાડું

માનવ સભ્યતાનો ઈતિહાસ હંમેશાં અજાણ્યા પ્રદેશોને શોધવાનો અને સીમાડાઓ ઓળંગવાનો રહ્યો છે. એક જમાનો હતો જ્યારે દરિયાની પેલે પાર શું છે તે જાણવા માણસ સાહસ કરતો, અને આજે ૨૧મી સદીમાં વિજ્ઞાન આપણને પૃથ્વીના વાયુમંડળને ચીરીને અનંત અંતરિક્ષ તરફ લઈ જવા સજ્જ બન્યું છે. અંતરિક્ષ સહેલગાહ એ હવે કાલ્પનિક વિજ્ઞાનની વાતો નથી, પરંતુ એક વાસ્તવિકતા બની ચૂક્યા છે. આ એક એવો તદ્દન નવો અને રોમાંચક વિષય છે જે આગામી દાયકાઓમાં માનવજાતની જીવનશૈલી અને અર્થતંત્રને સંપૂર્ણપણે બદલી નાખવાની ક્ષમતા ધરાવે છે.

અત્યાર સુધી બ્રહ્માંડમાં જવાનું કામ માત્ર સરકારી સંસ્થાઓ અને વૈજ્ઞાનિકો પૂરતું મર્યાદિત હતું. પરંતુ આજે વિશ્વની વિરાટ ખાનગી કંપનીઓએ સામાન્ય અને સમૃદ્ધ નાગરિકો માટે અંતરિક્ષના દરવાજા ખોલી દીધા છે. આ પ્રવાસ માત્ર પૃથ્વીથી ઉપર જવાનો નથી, પણ માનવીય મહત્વાકાંક્ષાને એક નવી ઊંચાઈ આપવાનો છે. જ્યારે કોઈ યાત્રી અવકાશયાનની બારીમાંથી નીલા રંગની ગોળાકાર પૃથ્વીને અફાટ કાળા અંધકારની વચ્ચે જુએ છે, ત્યારે તે અહેસાસ જ અદ્ભુત હોય છે. આ રોમાંચને વ્યક્ત કરતી આ કાવ્યાત્મક પંક્તિઓ આપણી જિજ્ઞાસાને વેગ આપે છે:

'પૃથ્વીના બંધનો છોડીને હવે અનંતમાં વિહરવું છે,
તારાઓની એ નગરીમાં જઈને એક નવું ઘર રચવું છે.'

જોકે, આ નવી ક્રાંતિ પોતાની સાથે અનેક તકો અને પડકારો પણ લઈને આવી છે. હાલના તબક્કે આ સફરની ટિકિટ કરોડો રૂપિયામાં હોવાથી તે માત્ર અત્યંત ધનાઢ્ય લોકોનો વિલાસ લાગે છે. પરંતુ જેમ શરૂઆતમાં વિમાન પ્રવાસ માત્ર અમીરો પૂરતો સીમિત હતો અને આજે સામાન્ય માણસ પણ હવાઈ સફર કરી શકે છે, તેમ ભવિષ્યમાં આ બ્રહ્માંડ યાત્રા પણ સસ્તી અને સુલભ બનશે તે નક્કી છે. વૈજ્ઞાનિકો હવે આકાશમાં 'અંતરિક્ષ આવાસ' બનાવવાની દિશામાં કામ કરી રહ્યા છે, જ્યાં લોકો રજાઓ ગાળવા જઈ શકશે અને શૂન્ય ગુરુત્વાકર્ષણનો લહાવો લઈ શકશે. પૃથ્વીના વાતાવરણ અને ગુરુત્વાકર્ષણથી મુક્ત થઈને હવામાં તરવાનો અનુભવ કેવો હોઈ શકે, તેની કલ્પના પણ રોમાંચ જગાડે તેવી છે:

'જ્યાં ભાર નથી કોઈ શરીરનો, ને બંધન નથી કોઈ સરહદનું,
એ શૂન્ય અગાધ આકાશમાં, અસ્તિત્વ ઓગળે માનવનું.'

અંતરિક્ષ પ્રવાસન એ માત્ર મનોરંજન નથી, પણ માનવજાતના અસ્તિત્વના બચાવ માટેનું એક મહત્વનું કદમ પણ સાબિત થઈ શકે છે. ભવિષ્યમાં પૃથ્વી પર સંસાધનો ખૂટી જાય કે અન્ય કોઈ આપત્તિ આવે, ત્યારે મનુષ્ય અન્ય ગ્રહો પર વસવાટ કરવા સક્ષમ બને તે માટે આ પ્રારંભિક પ્રવાસો પાયાની ઈંટ સાબિત થશે. વિજ્ઞાન, તકનીકી અને સાહસિક વૃત્તિનો આ સમન્વય આવનારી પેઢીઓને એક તદ્દન નવી દુનિયા આપશે. પૃથ્વીના સીમાડા ઓળંગીને બ્રહ્માંડના રહસ્યોને માણવાની આ સફર એ માનવ બુદ્ધિ અને પુરુષાર્થનો વિજયધ્વજ છે, જે સદીઓ સુધી લહેરાતો રહેશે.

**- લેખક: રૂપેશ સોલંકી**

# ટ્રેન ઉપડતા પહેલા ખાલી સીટ કેવી રીતે બુક કરવી? 99% લોકો નથી જાણતા IRCTCની આ ખાસ 'Current Booking' વિગત!

ટ્રેનનો ચાર્ટ તૈયાર થઈ ગયા પછી કન્ફર્મ ટિકિટ મેળવવી અશક્ય છે તેવી માન્યતા ઘણા મુસાફરો ધરાવે છે. પરંતુ ભારતીય રેલવે અને IRCTC ની 'કરંટ બુકિંગ' (Current Booking) સુવિધા દ્વારા છેલ્લી ઘડીએ પણ કન્ફર્મ સીટ મેળવી શકાય છે. છેલ્લી ઘડીએ ઈમરજન્સીમાં મુસાફરી કરનારા કે વેઈટિંગ ટિકિટથી પરેશાન મુસાફરો માટે આ ફીચર આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે.




પોઈન્ટ બાય પોઈન્ટ: કેવી રીતે કામ કરે છે IRCTC નું આ ખાસ ફીચર?

પ્રથમ ચાર્ટની પ્રક્રિયા: ટ્રેન ઉપડવાના સામાન્ય રીતે 4 કલાક પહેલાં પ્રથમ રેલવે ચાર્ટ તૈયાર કરવામાં આવે છે.

ખાલી સીટો ઉપલબ્ધ: ચાર્ટ તૈયાર થયા પછી પણ જે સીટો કેન્સલ થાય છે અથવા ખાલી રહી જાય છે, તેને રેલવે દ્વારા 'Current Booking' માં મૂકવામાં આવે છે.

ચાર્ટ/વેકન્ટ બર્થ ફીચર: IRCTCની અધિકૃત વેબસાઈટ કે એપ પર 'Charts/Vacant Berth' ઓપ્શનમાં જઈને કઈ કોચમાં કેટલી સીટ ખાલી છે તે લાઈવ જોઈ શકાય છે.

ઓનલાઈન બુકિંગ: ખાલી બર્થની વિગતો જોયા બાદ મુસાફરો સીધા જ ઓનલાઈન અથવા રેલવે સ્ટેશનના કરંટ બુકિંગ કાઉન્ટર પરથી સામાન્ય ભાડામાં જ ટિકિટ બુક કરી શકે છે.

પાક્કો ગુજરાત ટિપ્પણી: અફવાઓથી બચો અને ટેકનોલોજીનો લાભ લો અત્યાર સુધી મુસાફરો છેલ્લી ઘડીએ ટિકિટ ન મળતા મુશ્કેલીમાં મુકાતા હતા અથવા એજન્ટોના ચક્કરમાં પડીને વધુ પૈસા વેડફતા હતા. IRCTC ની આ ડિજિટલ સુવિધા મુસાફરો માટે અત્યંત ઉપયોગી અને પારદર્શક છે. સ્માર્ટફોનનો સાચો ઉપયોગ કરીને મુસાફરો વિના કોઈ વધારાના ચાર્જે છેલ્લી ઘડીએ પણ આસાનીથી કન્ફર્મ સીટ મેળવીને પોતાની મુસાફરી સુખદ બનાવી શકે છે.




### શ્રદ્ધા, પરંપરા કે અંધશ્રદ્ધા? – ઝાલોદ તાલુકાના થેરકા સ્થિત પંચકૃષ્ણ મંદિર પાસેના

# પ્રાચીન વડના વૃક્ષ પર લગાવાયેલી તકતીઓ ચર્ચાનું કેન્દ્ર બની



ઝાલોદ, પંકજ પંડિત

પંચકૃષ્ણ મંદિરને લઈને પણ અનેક લોકવાયકાઓ પ્રચલિત છે. ગામના વડીલો અને સ્થાનિક લોકોના મુખે સાંભળવા મળે છે કે મહાભારતકાળ દરમિયાન પાંચ પાંડવો અને ભગવાન શ્રીકૃષ્ણ આ સ્થળે પધાર્યા હતા અને પંચકૃષ્ણ મંદિરની સ્થાપના પણ પાંડવોએ કરી હતી. જોકે, આ દાવાઓ અંગે કોઈ સત્તાવાર ઐતિહાસિક અથવા પુરાતત્ત્વીય પુરાવો ઉપલબ્ધ છે કે નહીં, તે અંગે નિષ્ણાતો દ્વારા અભ્યાસનો વિષય બની શકે છે. તેમ છતાં સ્થાનિક સમાજમાં આ લોકવાયકાઓ પ્રત્યે ગાઢ શ્રદ્ધા જોવા મળે છે.

ઝાલોદ તાલુકાના થેરકા ગામે આવેલ ઐતિહાસિક પંચકૃષ્ણ મંદિર તેમજ તેની બાજુમાં વહેતી પવિત્ર નદી ધાર્મિક આસ્થા અને પરંપરાનું મહત્વનું કેન્દ્ર માનવામાં આવે છે. વર્ષોથી અહીં અંતિમવિધિ બાદ વિવિધ ધાર્મિક ક્રિયાઓ અને શ્રાદ્ધ વિધિઓ કરવામાં આવે છે, જેના કારણે દૂરદૂરથી લોકો અહીં પહોંચે છે.

તાજેતરમાં મંદિર નજીક આવેલા વર્ષો જૂના પ્રાચીન વડના વૃક્ષ પર અલગ-અલગ વ્યક્તિઓના નામ ધરાવતી અનેક તકતીઓ ખીલ્લા મારીને લગાવવામાં આવેલી જોવા મળી હતી. આ દૃશ્યને લઈને સ્થાનિકોમાં વિવિધ પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ છે. સ્થળ પર જોવા મળેલી તકતીઓ કોણે લગાવી, કયા હેતુથી લગાવી અને તે માટે કોઈ ધાર્મિક પરંપરા કે સૂચના આપવામાં આવે છે કે નહીં, તે અંગે સ્પષ્ટ માહિતી ઉપલબ્ધ નથી. પરિણામે અનેક લોકોમાં કુતૂહલ અને પ્રશ્નો ઉભા થયા છે.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, શક્ય છે કે અંતિમવિધિ અથવા ધાર્મિક વિધિ પૂર્ણ થયા બાદ કેટલાક પરિવારો પોતાના સ્વજનોની સ્મૃતિમાં આ પ્રકારની તકતીઓ લગાવતા હોય. જોકે, આ માત્ર એક અનુમાન છે અને તેની સત્તાવાર પુષ્ટિ ઉપલબ્ધ નથી. બીજી તરફ પર્યાવરણપ્રેમીઓનું માનવું છે કે પ્રાચીન વડના વૃક્ષમાં વારંવાર ખીલ્લા ઠોકવાથી વૃક્ષના થડને નુકસાન પહોંચી શકે છે. વડનું વૃક્ષ માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ પર્યાવરણીય રીતે પણ અત્યંત મહત્વ ધરાવે છે. આવા વૃક્ષોની જાળવણી અને સંરક્ષણ દરેકની સામૂહિક જવાબદારી છે.

આ સમગ્ર મુદ્દો આજના સમયમાં એક મહત્વપૂર્ણ ચર્ચા ઉભી કરે છે કે આવી પ્રથાઓને શ્રદ્ધા તરીકે જોવી કે અંધશ્રદ્ધા તરીકે? ધાર્મિક ભાવનાઓનું સન્માન કરવું જરૂરી છે, પરંતુ જો કોઈ પરંપરા કુદરતને નુકસાન પહોંચાડતી હોય તો તેના વિશે સમાજમાં જાગૃતિ લાવવી પણ એટલી જ જરૂરી છે.

ધાર્મિક વિધિઓ અને પરંપરાઓ ભારતીય સંસ્કૃતિનો અભિન્ન ભાગ છે. તેમ છતાં સમયાનુરૂપ એવી પદ્ધતિઓ અપનાવવી જોઈએ જેનાથી આસ્થા પણ જળવાઈ રહે અને પ્રકૃતિનું પણ રક્ષણ થાય. જો સ્મૃતિચિહ્ન સ્થાપિત કરવાનું હોય તો તેના માટે અલગ સ્ટેન્ડ, સ્મૃતિ દિવાલ અથવા અન્ય યોગ્ય વ્યવસ્થા ઊભી કરવામાં આવે તો પ્રાચીન વૃક્ષોને નુકસાનથી બચાવી શકાય.

સ્થાનિક ગ્રામ પંચાયત, મંદિર ટ્રસ્ટ, વન વિભાગ તથા સંબંધિત તંત્ર આ મુદ્દે યોગ્ય માર્ગદર્શન આપે અને જરૂર જણાય તો વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરે તેવી પણ સ્થાનિકોમાં માંગ ઉઠી રહી છે. આખરે પ્રશ્ન માત્ર એક વૃક્ષનો નથી, પરંતુ આપણી આસ્થા સાથે પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનો પણ છે. શ્રદ્ધા અને પ્રકૃતિ બંનેનું સંતુલન જળવાય તે આજના સમયની સૌથી મોટી જરૂરિયાત બની છે.

### દેશી દારૂ કેમિકલ નો બનતો હોવાની ચર્ચાઓ

## દાંતા તાલુકાના ઓડવાસ વિસ્તારમાં ખુલ્લેઆમ ચાલતા દેશી દારૂના અડ્ડા પર કોના આશીર્વાદ?

દાંતા

દાંતા તાલુકાના ઓડવાસ વિસ્તારમાં છેલ્લા ઘણા વર્ષોથી ખુલ્લેઆમ દેશી દારૂનું સ્ટેન્ડ ધમધમી રહ્યું છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે આ અડ્ડાની નજીકમાં જ શાળા આવેલી છે શાળાએ આવતા-જતા નાના બાળકો આ દ્રશ્યો રોજ જોઈ રહ્યા છે. આનાથી તેમના કોમળ મન પર ખૂબ જ ખરાબ અસર પડી રહી છે અને ભવિષ્યની પેઢી માટે આ એક મોટો ખતરો બની રહ્યો છે.



સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર વર્ષોથી આ અડ્ડો ચાલુ છે. આ દરમિયાન અનેક PSI અને PI બદલાઈ ગયા, પરંતુ આ અડ્ડો ચલાવતા બુટલેગરને આજે પણ કોઈ કાયદાનો કે પોલીસનો જરા પણ ડર નથી.

આ પરથી સ્પષ્ટ થાય છે કે આ ગેરકાયદેસર ધંધા પાછળ કોઈક મોટા આશીર્વાદ છે. જેના કારણે પોલીસ તંત્ર પણ આંખ આડા કાન કરી રહ્યું છે તેવી ચર્ચા લોકોમાં જોરશોરથી ચાલી રહી છે. સ્થાનિક લોકો અને વાલીઓની એક જ માંગ છે કે પોલીસ તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ દેશી દારૂના અડ્ડા ને બંધ કરવામાં આવે અને બુટલેગરો વિરુદ્ધ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. જેથી આપણા બાળકો સુરક્ષિત માહોલમાં અભ્યાસ કરી શકે.

જો વહેલી તકે આ બાબતે યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો સ્થાનિક લોકો દ્વારા ઉગ્ર વિરોધ અને બનાસકાંઠા એસપી ને રજૂઆત કરવામાં આવશે અને તેમ છતાં બંધ નહીં થાય તો વિરોધ કરી જનતા રેડ કરવાની ચિમકી ઉચ્ચારી હતી.

## દેવગઢબારિયામાં હાઇકોર્ટના સર્ક્યુલરના વિરોધમાં બાર એસોસિયેશનની અચોક્કસ મુદતની હડતાલ

દેવગઢ બારીયા, જાબીર શુક્લા

નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા A4 સાઈઝના પેપર પર નિર્ધારિત ફોન્ટમાં અને કોમ્પ્યુટરાઈઝ્ડ અરજીઓ જ સ્વીકારવાના સર્ક્યુલરના અમલ સામે દેવગઢબારિયા બાર એસોસિયેશને ગુરુવારથી અચોક્કસ મુદતની હડતાલ શરૂ કરી છે. હડતાલના પ્રથમ દિવસે વકીલોએ કોર્ટ કાર્યવાહીથી દૂર રહી કોર્ટ પરિસરમાં વિરોધ નોંધાવ્યો હતો. બાર એસોસિયેશનના જણાવ્યા મુજબ હાઈકોર્ટના તા. 15 એપ્રિલ, 2026ના સર્ક્યુલર નં. C-2002/2026નો અમલ તા. 1 ઓગસ્ટ, 2026થી શરૂ થયો છે. નવા નિયમો હેઠળ તમામ અરજીઓ A4 સાઈઝના પેપર પર, નિર્ધારિત



ફોન્ટમાં તથા કોમ્પ્યુટરાઈઝ્ડ સ્વરૂપે જ રજૂ કરવાની ફરજિયાત જોગવાઈ કરવામાં આવી છે. બાર એસોસિયેશનનો આક્ષેપ છે કે તાલુકા અને ગ્રામ્ય વિસ્તારના વકીલો તેમજ સામાન્ય પક્ષકારો માટે આ નિયમો અમલમાં મૂકવા મુશ્કેલ છે. કોમ્પ્યુટર, પ્રિન્ટર અને ઈન્ટરનેટ જેવી સુવિધાના અભાવે અરજીઓ સમયસર તૈયાર કરવામાં મુશ્કેલી ઊભી થઈ રહી છે, જેના કારણે ન્યાય પ્રક્રિયા પણ પ્રભાવિત થવાની શક્યતા છે. આજે યોજાયેલી બાર એસોસિયેશનની સામાન્ય સભામાં સર્વાનુમતે ઠરાવ પસાર કરીને હાઈકોર્ટ સર્ક્યુલર પરત ખેંચે અથવા તેમાં જરૂરી સુધારા કરે ત્યાં સુધી અચોક્કસ મુદતની હડતાલ ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો હતો. સાથે જ હડતાલ દરમિયાન દેવગઢબારિયા કોર્ટની કોઈપણ કાર્યવાહીમાં સભ્યો ભાગ નહીં લે તેમજ આગામી દિવસોમાં પ્રતીક ઉપવાસ, મૌન આંદોલન અને રેલી જેવા કાર્યક્રમો યોજવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. હડતાલના પ્રથમ દિવસે બાર એસોસિયેશનના પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી સહિત તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. બાર એસોસિયેશન દ્વારા પ્રિન્સિપલ સિવિલ જજશ્રી, દેવગઢબારિયાને લેખિત રજૂઆત કરીને આ મુદ્દે જિલ્લા કોર્ટ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ સુધી તાત્કાલિક રજૂઆત પહોંચાડવાની માંગ પણ કરવામાં આવી હતી. બાર એસોસિયેશને સ્પષ્ટ જણાવ્યું છે કે વકીલો અને પક્ષકારોની સુવિધાને ધ્યાનમાં રાખીને સર્ક્યુલરમાં યોગ્ય સુધારા કરવામાં નહીં આવે ત્યાં સુધી આ આંદોલન યથાવત્ ચાલુ રહેશે.

## ઇડર નાગરિક સહકારી બેંક લિમિટેડની ચૂંટણી જાહેર કરાઈ

ઈડર, જાકીર મેમણ

ઈડર નાગરિક બેંક ચૂંટણીની જાહેરાતવિકાસ પેનલે 13 ઉમેદવારો જાહેર કર્યા, 23 ઓગસ્ટે કે.એમ. પટેલ સંકુલ ખાતે મતદાન અને મતગણતરી યોજાશે ઈડર નાગરિક સહકારી બેંક લિમિટેડની ચૂંટણી જાહેર કરવામાં આવી છે. આ ચૂંટણી માટે વિકાસ પેનલે પોતાના 13 ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર કરી છે. 23 ઓગસ્ટના રોજ ઈડર કે.એમ. પટેલ સંકુલ ખાતે મતદાન યોજાશે અને તે જ દિવસે મતગણતરી હાથ ધરવામાં આવશે. બેંકમાં કુલ 22,222 સભાસદો નોંધાયેલા છે, જેઓ પોતાનામતાધિકારનો ઉપયોગ કરશે. સહકારી ક્ષેત્રની આ મહત્વપૂર્ણ ચૂંટણીને લઈને સભાસદોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.વિકાસ પેનલ દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ, સામાન્ય પુરુષ બેઠક માટે 10, સામાન્ય મહિલા બેઠક માટે 2 અને અનુસૂચિત જાતિ બેઠક માટે 1 ઉમેદવારને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.




વિકાસ પેનલને ચૂંટણી ચિહ્ન તરીકે 'ગુલાબ' ફાળવવામાં આવ્યું છે. ચૂંટણી પ્રક્રિયા અંગે માહિતી આપતા ચૂંટણી અધિકારી પીકેશભાઈ શાહે જણાવ્યું હતું કે, ચૂંટણી માટે કુલ 46 ફોર્મનું વિતરણ થયું હતું. તેમાંથી 42 ઉમેદવારી ફોર્મ ભરાયા હતા, જેમાંથી ચકાસણી દરમિયાન 4 ફોર્મ નામંજૂર કરવામાં આવ્યા હતા.

### છોટાઉદેપુર LCBની મોટી કાર્યવાહી

## પોટીયા ગામેથી ₹2.63 લાખનો વિદેશી દારૂ અને બોલેરો પિકઅપ સાથે એક શખ્સ ઝડપાયો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના ઝોઝ પોલીસ સ્ટેશન વિસ્તારના પોટીયા ગામે લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ મોટી કાર્યવાહી હાથ ધરી કુલ 9,68,059ના મુદ્દામાલ સાથે એક આરોપીને ઝડપી પાડ્યો છે.



પોલીસ અધિક્ષક ઈમ્તીયાઝ શેખના માર્ગદર્શન હેઠળ દારૂબંધીના કાયદાનો કડક અમલ કરવા LCBની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન મળેલી બાતમીના આધારે મહિન્દ્રા બોલેરો પિકઅપ (રજી. નં. GJ-06-AZ-0465)ને રોકી તપાસ કરતાં તેમાં બનાવવામાં આવેલા ચોરખાનામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની 879 બોટલો, કિંમત 2,63,059, મળી આવી હતી.

પોલીસે આરોપી નરેશભાઈ કાદુડાભાઈ રાઠવા (ઉ.વ. 36), રહે. પોટીયા વાંકી ફળિયા, તા. જી. છોટાઉદેપુરની ધરપકડ કરી છે. તેની પાસેથી 2,63,059નો વિદેશી દારૂ, 7,00,000ની બોલેરો પિકઅપ અને 5,000નો મોબાઈલ ફોન મળી કુલ 9,68,059નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. આ કેસમાં બે અન્ય આરોપીઓની પણ સંડોવણી સામે આવી છે. જેમાં અરવિંદભાઈ તોમર (રહે. મોરીયાગામ, તા. કઠીવાડા, જી. અલીરાજપુર, મધ્યપ્રદેશ) દારૂ સપ્લાય કરનાર અને મફાભાઈ ઉર્ફે અર્જુન વિનુભાઈ માળી (રહે. ઈન્દીરા નગર, દશરથ, જી. વડોદરા) દારૂ મંગાવનાર તરીકે વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

આ અંગે ઝોઝ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે અને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## શહેરામાં ભારે અછત વચ્ચે જથ્થો આવતા ડેપો પર યુરિયા ખાતર લેવા ખેડૂતોની લાંબી લાઈનો લાગી

શહેરા

પંચમહાલ જિલ્લામાં ચાલુ ચોમાસાની સીઝનમાં ડાંગર અને મકાઈ સહિતના ખેતી પાકોનું વાવણી કાર્ય પૂર્ણ થઈ ગયું છે. હાલમાં જ જિલ્લામાં થયેલા સાર્વત્રિક વરસાદના કારણે ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. જોકે, આ ખુશી વચ્ચે પાક માટે અત્યંત જરૂરી એવા યુરિયા ખાતરની ભારે અછત ઊભી થતાં ખેડૂતોની મુશ્કેલી વધવા પામી છે. શહેરા નગર અને સમગ્ર તાલુકામાં છેલ્લા બે-ત્રણ દિવસથી ખાતરની તીવ્ર અછત જોવા મળી રહી હતી. ખેડૂતો જ્યારે પણ ખાતર ડેપો પર તપાસ કરવા જતા, ત્યારે ત્યાં 'નો સ્ટોક' ના પાટિયા જોવા મળતા હતા. પરિણામે, ખેડૂતો ભારે પરેશાન થઈ ગયા હતા અને કેટલીક જગ્યાએ તો ખેડૂતોને કાળાબજારમાં



વધુ કિંમત ચૂકવીને પણ ખાતર ખરીદવાની નૌબત આવી હતી. શહેરા ખરીદ-વેચાણ સંઘ ખાતે પણ ખાતરનો સ્ટોક ખાલી થઈ ગયો હતો. જોકે, ગુરુવારે ખાતરનો નવો જથ્થો આવી પહોંચતા આ વાતની જાણ થતાં જ મોટી સંખ્યામાં ખેડૂતો ખાતર મેળવવા ઉમટી પડ્યા હતા. ડેપો પર ખાતર લેવા માટે ખેડૂતોની લાંબી લાઈનો લાગી હતી અને લોકોને કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવું પડ્યું હતું.

### પૂર્વ ધારાસભ્ય સતીશ પટેલને

## 63મા જન્મદિવસની કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ઉત્તરો ઉત્તર પ્રગતિ માટે શુભેચ્છા પાઠવી

સાધલી, હસમુખ પટેલ

છઠ્ઠી ઓગસ્ટે કરજણ શિનોર વિધાનસભામાં પૂર્વ ધારાસભ્ય સતીશ પટેલ નિશાળિયાના જન્મદિવસ ની ભવ્ય ઉજવણી થાય છે. રાજકીય ,સહકારી તથા આમ જનતા કોમન મેન પણ તેઓના જન્મદિવસની ઉજવણીની રાહ જોતી હોય છે. આજરોજ તારીખ 6 ઓગસ્ટ પોતાના જન્મદિવસે સતીશ પટેલે વહેલી સવાર થી દેવ દર્શન કરીને જલારામ નગર કરજણ મુકામે શ્રી હરિ કૃપા આશ્રમ માં બાળકો સાથે ઘોષ્ટિ કરી ,ભોજન કરાવ્યું., ત્યારબાદ સરકારી હોસ્પિટલોમાં દર્દીઓ તથા સગર્ભા મહિલાઓને ફળોનું વિતરણ કરવામાં આવ્યું, તેમજ રામવાડી આશ્રમ મુકામે ગાય માતા ને ઘાસચારો આપ્યો, દેવ દેવતાઓ ના દર્શન કર્યા અને પૂજ્ય ગોદડીયા બાપુ ના આશીર્વાદ લીધા. કેન્દ્રીય ગૃહ અને સહકારીતા વિભાગના મંત્રી અમિતભાઈ શાહે તેઓને ઉત્તરો ઉત્તર પ્રગતિની શુભેચ્છા પાઠવી, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ,પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માજી જિલ્લા ભાજપ પ્રમુખ ડોક્ટર બી.જે. બ્રહ્મભટ્ટ સહિત અનેક આગેવાનોએ પત્ર દ્વારા , સોશિયલ મીડિયા દ્વારા સતીશ પટેલ ને 63 માં જન્મદિવસની શુભેચ્છા પાઠવી. સાંજના પાંચ કલાકે બજાર સમિતિ કરજણ મુકામે કરજણ-શિનોર -પોર વિધાનસભાના



તેઓના તમામ હિતેચ્છુઓ, સહકારી ,રાજકીય, સહિત વિકામંડળી દૂધ મંડળી ક્રેડિટ મંડળી સહિત ખેડૂતો વગેરે મોટી સંખ્યામાં હાજર રહીને જાહેરમાં કેક કાપી તેઓના જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી અને ભવ્ય રીતે ઉલ્લાસ અને આનંદપૂર્વક ઉજવણી કરી હતી. કરજણ શિનોર વિસ્તારમાં એક વર્ષમાં ત્રણથી ચાર વાર સતીશ પટેલ દ્વારા પોતાના તમામ હિતેચ્છુઓ, સ્નેહીજનો સાથે સહ સ્નેહ ભોજન સાથે સંબંધો વિકસાવવામાં આવે છે અને જાળવી રાખવામાં આવે છે. અને અનોખી રીતે લોકચાહના પ્રાપ્ત કરેલ છે.

## સનાતન સંસ્થાના અંશુ સંતને શ્રીહાટકેશ્વર મહાદેવ મંદિર સેવા ટ્રસ્ટ દ્વારા 'પ્રશસ્તિ પત્ર' આપી સન્માનિત કર્યા

વડોદરા

શહેરના મુજમહુડા વિસ્તારમાં વિશ્વામિત્રી પુલ પાસે આવેલ શ્રીહાટકેશ્વર મહાદેવ મંદિર સેવા ટ્રસ્ટ દ્વારા ગત રવિવાર, તા. ૨ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ એક પ્રેરણાદાયક સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સનાતન સંસ્થાના શ્રીમતી અંશુ સંતને ઉત્કૃષ્ટ સામાજિક અને આધ્યાત્મિક યોગદાન બદલ ટ્રસ્ટ દ્વારા વિશેષ સન્માન આપવામાં આવ્યું હતું. ટ્રસ્ટના આમંત્રણને માન આપીને શ્રીમતી અંશુ સંતે શ્રીહાટકેશ્વર મંદિરમાં અવેલા બાળકો સાથે સંવાદ સાધ્યો હતો. તેમણે 'સનાતન ધર્મ તેમજ સંસ્કાર' વિષય પર યોગ્ય માર્ગદર્શન અને પોતાના અનુભવોનો નિચોડ બાળકો સમક્ષ રજૂ કર્યો હતો. 'આજના બાળકો આવતીકાલના ભારતના ઘડવૈયા છે' તે ઉક્તિને સાર્થક કરતાં, તેમણે બાળકોમાં ઉચ્ચ જીવનમૂલ્યો અને સંસ્કારોનું સિંચન કરી ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવાનું સુંદર કાર્ય કર્યું હતું. સમાજને ધર્મ શિક્ષણ આપવું અને અધ્યાત્મ નો પ્રચાર કરવો આ સનાતન સંસ્થાનું કાર્ય કરવાં માટે ટ્રસ્ટી શ્રી વિભાવ મહેતા દ્વારા અંશુ સંતને વિશેષ સન્માનપત્ર આપવામાં આવ્યું.

## શિક્ષણ, રમતગમત અને સમાજસેવામાં અનોખું સંતુલન: વડોદરાના 7 વર્ષીય સારવ શાહ બન્યા યુવા પ્રેરણાસ્ત્રોત

વડોદરા

આજના યુગમાં બાળકો માટે અભ્યાસમાં શ્રેષ્ઠ પરિણામ સાથે રમતગમત અને સામાજિક પ્રવૃત્તિઓમાં પણ સમાન રીતે આગળ વધવું સહેલું નથી. પરંતુ વડોદરાના માત્ર 7 વર્ષીય સારવ શાહે પોતાની અદભૂત શિસ્ત, સમયનું સુચારુ આયોજન, અવિરત મહેનત અને અડગ સંકલ્પના બળે આ ત્રણેય ક્ષેત્રોમાં નોંધપાત્ર સફળતા મેળવી પ્રેરણાદાયી દાખલો સ્થાપિત કર્યો છે. સારવે સમગ્ર શૈક્ષણિક વર્ષ દરમિયાન એક પણ દિવસની રજા લીધા વગર 100 ટકા હાજરી નોંધાવી છે. અભ્યાસ પ્રત્યેની તેમની નિષ્ઠા એટલી મજબૂત રહી કે તેમણે વર્ષ દરમિયાન પોતાનું સંપૂર્ણ ધ્યાન શિક્ષણ અને રમતગમત પર કેન્દ્રિત રાખીને ઉત્તમ શૈક્ષણિક પ્રદર્શન કર્યું. શાળાની વાર્ષિક



પરીક્ષાઓમાં સફળતા મેળવવાની સાથે તેમણે કરાટેની પ્રતિષ્ઠિત બ્લેક બેલ્ટ પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી હતી. ઉપરાંત શાળામાં યોજાતી DTC ટ્રેનિંગ પણ નિયમિત રીતે પૂર્ણ કરીને તેમણે શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ વચ્ચે ઉત્તમ સંતુલન જાળવી રાખ્યું. રમતગમત પ્રત્યેની તેમની લગન, શિસ્ત અને સતત મહેનતના પરિણામે સારવે વિવિધ કરાટે સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી અનેક ચંદ્રકો પોતાના નામે કર્યા છે. નાની ઉંમરમાં જ તેમણે સાબિત કર્યું છે કે યોગ્ય માર્ગદર્શન, સમયનું આયોજન અને સતત પરિશ્રમથી કોઈપણ લક્ષ્ય હાંસલ કરી શકાય છે. અભ્યાસ અને રમતગમત ઉપરાંત સારવ સામાજિક જવાબદારી નિભાવવામાં પણ હંમેશા આગળ રહે છે. તેઓ સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ, પર્યાવરણ જાગૃતિ તેમજ વિવિધ સમાજોપયોગી કાર્યક્રમોમાં સક્રિયપણે ભાગ લે છે. શહેરમાં યોજાતા "Sundays on Cycle" જેવા ફિટનેસ અને જનજાગૃતિ કાર્યક્રમોમાં તેમની નિયમિત ભાગીદારી અન્ય બાળકો માટે પણ પ્રેરણારૂપ બની રહી છે.



### ભણસાલીએ કરીના-ધનુષને ખાસ ફિલ્મ માટે સંપર્ક કર્યો હતો

# 'દેવદાસ' વખતનો વિવાદ ભૂલીને 'બેબો' સંજય લીલા ભણસાલી સાથે કામ કરશે

મુંબઈ

સંજય લીલા ભણસાલી જેવા દિગ્ગજ ડાયરેક્ટર સાથે કામ કરવાનું સપનું દરેક કલાકારનું હોય છે. જોકે 'બેબો' એટલે કરીના કપૂરે વર્ષો પહેલા સંજય સાથે કામ નહીં કરવાના સોગંધ લીધા હતા, પરંતુ હવે લાગે છે તે પોતાની સોગંધ તોડવા જઈ રહી છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે સંજયે એક ફિલ્મ માટે કરીનાને અપ્રોચ કરવામાં આવી છે. આ ફિલ્મમાં હીરો તરીકે ધનુષ જોવા મળશે. એક રિપોર્ટ મુજબ સંજય લીલા ભણસાલીએ કરીના અને ધનુષને એક ખાસ ફિલ્મ માટે કરીના અને ધનુષનો સંપર્ક કર્યો હતો. જો તક મળશે તો કરીના અને સંજય પહેલીવાર સાથે કામ કરશે. આ સાથે જ ધનુષ અને કરીના પણ પહેલીવાર ફિલ્મી પડદે સાથે દેખાશે. જો કે કરીનાએ આ બાબતે સ્પષ્ટતા કરી નથી. આ એક પૌરાણિક કથાઓ સબંધિત ફિલ્મ હશે. આ ફિલ્મની સ્ટોરી હાથી આસપાસ ફરશે. આ ફિલ્મના પ્રોડ્યુસર સંજય લીલા ભણસાલી રહેશે અને પ્રોડ્યુસર પી. એસ. મિથુન હશે. આ ફિલ્મનું અંદાજિત શૂટિંગ 2027 માં શરૂ થવાની આશા છે. 25 વર્ષ પહેલા સંજય-કરીના વચ્ચે થયો હતો મતભેદ જાણકારી અનુસાર સંજય પોતાની 2002ની સુપરહિટ ફિલ્મ 'દેવદાસ' માટે પહેલા કરીનાને લેવા ઈચ્છતા હતા. તેણે અભિનેત્રીનો લુક ટેસ્ટ પણ લીધો હતો, પરંતુ ત્યાર બાદ તેણે ઐશ્વર્યા રાય બચ્ચનને કાસ્ટ કરી હતી. આ વાતથી કરીના નારાજ થઈ ગઈ હતી અને તેણે સંજય સાથે કામ ન કરવાના સોગંધ ખાધા હતા. કરીનાએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે 'હું ક્યારેય પણ તેમની સાથે કામ નહીં કરું. 'દેવદાસ' માટે મારો લુક ટેસ્ટ પણ લીધો, સાઈનિંગ અમાઉન્ટ પણ આપી હતી છતાં તેને કોઈ અન્ય અભિનેત્રીને સાઈન કરી લીધી હતી. તેમણે મારી સાથે ખોટું કર્યું હતું. આગળ તેને કહ્યું હતું કે 'ભલે મારી પાસે ક્યારેક કોઈ કામ રહેશે નહીં તો પણ હું તેની સાથે કામ કરીશ નહીં.' સંજય લીલા ભણસાલી જેવા દિગ્ગજ ડાયરેક્ટર સાથે કામ કરવાનું સપનું દરેક કલાકારનું હોય છે. જોકે 'બેબો' એટલે કરીના કપૂરે વર્ષો પહેલા સંજય સાથે કામ નહીં કરવાના સોગંધ લીધા હતા, પરંતુ હવે લાગે છે તે પોતાની સોગંધ તોડવા જઈ રહી છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે સંજયે એક ફિલ્મ માટે કરીનાને અપ્રોચ કરવામાં આવી છે. આ ફિલ્મમાં હીરો તરીકે ધનુષ જોવા મળશે.

**રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે સંજયે એક ફિલ્મ માટે કરીનાને અપ્રોચ કરવામાં આવી છે**

# કમબેક કરવામાં 'ખચકાઈ' હતી પ્રીતિ ઝિન્ટા

## લીલા લહેંગામાં અપ્સરા જેવી લાગી એક્ટ્રેસ, મિત્ર કરણ વાહી અને હરલીન સેઠી ખાસ હાજર રહ્યા



મુંબઈ

બોલીવુડની ડિમ્પલ ગર્લ પ્રીતિ ઝિન્ટા આખરે 8 વર્ષ બાદ ફિલ્મી પડદે પરત ફરી રહી છે. તેની કમબેક ફિલ્મ 'બટવારા 1947' હશે, જે ભારત-પાકિસ્તાન ભાગલા અને પંજાબના બટવારાની દુઃખદ કહાની પર આધારિત છે. આ ફિલ્મમાં પ્રીતિ ફરી એકવાર સની દેઓલ સાથે જોવા મળશે. આ પહેલા બંને 'ફર્ઝ', 'ધ હીરો: લવ સ્ટોરી ઓફ અ સ્પાય' અને 'ભૈયાજી સુપરહિટ'માં સાથે કામ કરી ચૂક્યા છે. રસપ્રદ વાત તો એ છે કે આ ફિલ્મ દ્વારા 25 વર્ષ બાદ આમિર ખાન અને પ્રીતિ ઝિન્ટા પણ એક પ્રોજેક્ટમાં સાથે જોડાયેલા છે. જોકે, આ વખતે બંને સ્ક્રીન શેર નહીં કરે કારણકે આમિર ખાન આ ફિલ્મમાં પ્રોડ્યુસર તરીકે જોડાયેલા છે.

પ્રીતિએ ખુલાસો કર્યો કે લાંબા સમયથી તેમને ફિલ્મોની ઓફર મળી રહી હતી પરંતુ કોઈ પણ પ્રોજેક્ટમાં કામ કરવાની તેના ઈચ્છા નહોતી. ત્યારે જ આમિર ખાનનો ફોન આવ્યો હતો. આગળ પ્રીતિએ કહ્યું કે 'જયારે ખબર પડી કે આ ફિલ્મનું દિગ્દર્શન રાજકુમાર સંતોષી કરી રહ્યા છે ત્યારે મેં સ્ટોરી સાંભળવાનો નિર્ણય કર્યો હતો. પહેલા તો લાગ્યું કે હળવી કોમેડી ફિલ્મ હશે. મેં આમિર ખાનને સ્પષ્ટપણે કહ્યું હતું કે હું ફિલ્મ માટે તૈયાર નથી, પરંતુ તેણે આગ્રહ કરીને કહ્યું હતું કે પહેલા સ્ક્રિપ્ટ તો સાંભળી લે.' પ્રીતિએ જણાવ્યું હતું કે ફિલ્મના શૂટિંગ દરમિયાન આમિર ખાન સાથે તેની મુલાકાત થઈ નહોતી. 'તે ફક્ત એકવાર જ સેટ પર આવ્યો હતો.' પરંતુ મુંબઈમાં ફિલ્મ નેરેશન દરમિયાન તેની મુલાકાત ધર્મેન્દ્ર સાથે થઈ હતી. જેને તે ક્યારેય ભૂલી નહિ શકે. તેણે કહ્યું કે 'હું સનીના ઘરે હતી, જ્યાં ધર્મેન્દ્રજી પણ હાજર હતા. ફિલ્મની સ્ટોરી સાંભળ્યા બાદ તેઓ ભાવુક બન્યા હતા.'

# દીપિકા રાકાનું શૂટિંગ પૂર્ણ કરી સપ્ટે.થી મેટર્નિટી લીવ પર

## દીપિકાએ પ્રેગનન્સી દરમિયાન રાકા તથા કિંગનાં શૂટિંગની તારીખો પણ સાચવી, રાકાના શૂટિંગનું હાલ ફાઈનલ શિડયૂલ

મુંબઈ

હાલ બોલિવુડની ટોચની હિરોઈનોમાં મોખરાનું સ્થાન ધરાવતી દીપિકા પાદુકોણ તેની આગામી ફિલ્મ 'રાકા'નું શૂટિંગ મુંબઈમાં કરી રહી છે. દીપિકા એટલી નિર્દેશિત આ મહત્વાકાંક્ષી ફિલ્મમાં પોતાના હિસ્સાનું શૂટિંગ પુરૂ કરી સપ્ટેમ્બરથી મેટર્નિટી લીવ પર જવાની છે.

દીપિકા સપ્ટેમ્બરની શરૂઆતમાં તેના હિસ્સાનું શૂટિંગ પુરૂ કરી લેવાની વેતરણમાં છે. ઉલ્લેખનીય છે કે દીપિકા તથા રણવીરે ગત એપ્રિલમાં તેઓ બીજાં સંતાનના માતાપિતાન બનવાનાં હોવાની જાહેરાત કરી હતી. દીપિકાની પહેલી દીકરી દુવાને આગામી સપ્ટેમ્બરમાં બે વર્ષ પૂર્ણ થવાનાં છે. 'રાકા'ના પ્રથમ ભાગનું આ ફાયનલ શેડયુઅલ છે. ફિલ્મમાં અલ્લુ અર્જુન મુખ્ય ભૂમિકા ભજવી રહ્યો છે. 'રાકા' ફિલ્મનું શૂટિંગ પુરું થયા બાદ સપ્ટેમ્બરમાં પોસ્ટ પ્રોડક્શનનું કામ પણ શરૂ થઈ જશે તેમ મનાય છે. લગભગ એક હજાર કરોડ રૂપિયાના તોતિંગબજેટ સાથે બની રહેલી આ ફિલ્મ દીપિકાની કેરિયર માટે મહત્વની છે. 'રાકા' ઉપરાંત દીપિકા શાહરૂખખાનની આગામી ફિલ્મ 'કિંગ'માં પણ મહત્વની ભૂમિકા ભજવી રહી છે. સુહાના ખાન અને શાહરૂખખાનની મુખ્ય ભૂમિકા ધરાવતી ફિલ્મ 'કિંગ' આગામી નાતાલ વખતે રજૂ થવાની છે. હાલ બોલિવુડની ટોચની હિરોઈનોમાં મોખરાનું સ્થાન ધરાવતી દીપિકા પાદુકોણ તેની આગામી ફિલ્મ 'રાકા'નું શૂટિંગ મુંબઈમાં કરી રહી છે. દીપિકા એટલી નિર્દેશિત આ મહત્વાકાંક્ષી ફિલ્મમાં પોતાના હિસ્સાનું શૂટિંગ પુરૂ કરી સપ્ટેમ્બરથી મેટર્નિટી લીવ પર જવાની છે. દીપિકા સપ્ટેમ્બરની શરૂઆતમાં તેના હિસ્સાનું શૂટિંગ પુરૂ કરી લેવાની વેતરણમાં છે. ઉલ્લેખનીય છે કે દીપિકા તથા રણવીરે ગત એપ્રિલમાં તેઓ બીજાં સંતાનના માતાપિતાન બનવાનાં હોવાની જાહેરાત કરી હતી. દીપિકાની પહેલી દીકરી દુવાને આગામી સપ્ટેમ્બરમાં બે વર્ષ પૂર્ણ થવાનાં છે.





# રણબીર કપૂરને રામની ભૂમિકા માટે પસંદ કરવા બદલ નિકિતા ભડકી

## નિકિતા રાવલે રણબીરની કાસ્ટિંગને લઈને મેકર્સની પણ આકરી નિંદા કરી હતી, અભિનેત્રીએ તો હિન્દુ સંગઠનને પણ ચેતવણી આપી કે તેઓ આ મુદ્દે ચૂપ કેમ છે'


મુંબઈ

નિતેશ તિવારીની 'રામાયણ' ફિલ્મ આ વર્ષની સૌથી મોટી મેગા બજેટ ફિલ્મોમાંથી એક છે, જ્યારથી ટ્રેલર રિલીઝ થયું છે ત્યારે આ ફિલ્મને લઈને વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. 'રામાયણ' ફિલ્મને લઈને વિવાદ પણ ઊભો થઈ શકે છે. આ ફિલ્મમાં અભિનેતા રણબીર કપૂરના રામ બનવા અંગે ગંભીર પ્રશ્નો ઊભા કરવામાં આવ્યા છે. અભિનેત્રી નિકિતા રાવલએ એક્ટરના જૂના બીફવાળા નિવેદનને આધારે તેનો વિરોધ કર્યો છે. અગાઉ પણ શ્રી રામલીલા મહાસંઘે પણ 'રામાયણ'ના મેકર્સને ચેતવણી આપી કહ્યું હતું કે તે રિલીઝ પહેલા આ ફિલ્મની સ્પેશ્યલ સ્ક્રીનિંગ રાખે, જો આ ફિલ્મમાં સનાતન સંસ્કૃતિ વિરુદ્ધ કોઈ પણ છેડછાડ મળશે તો તેઓ વિરોધ કરશે. એક ઈન્ટરવ્યૂની વાતચીત દરમિયાન એક્ટ્રેસ નિકિતા રાવલે રણબીર કપૂરના રામ બનવા પર વિરોધ નોંધાવ્યો હતો. તેણે કહ્યું હતું કે તે પ્રભુ રામના પાત્ર માટે યોગ્ય પસંદગી નથી. જે માણસ બીફ ખાતું હોય તે કઈ રીતે આ પાત્ર ભજવી શકે છે. આ તો હિન્દુઓની લાગણી દુભાવવાનું કર્યું છે. તેને આગળ કહ્યું હતું કે 'વિચારો તે કેટલો નીચ અને ચરિત્રહીન માણસ છે. તમને શું લાગે છે કે આવો માણસ પ્રભુ રામના રોલને સમજી શકશે?' નિકિતા રાવલે રણબીર કપૂરની કાસ્ટિંગને લઈને મેકર્સની પણ આકરી નિંદા કરી હતી. તેણે કહ્યું, 'જે માણસ બીફ ખાવા વિશે જાહેરમાં સ્પષ્ટતા કરી ચુક્યો છે તે જ આવું પાત્ર ભજવે તો ભગવાન રામની આસ્થા અને ચરિત્રનું હનન છે.' એટલું જ નહી, અભિનેત્રીએ તો હિન્દુ સંગઠનને પણ ચેતવણી આપી કે તેઓ આ મુદ્દે ચૂપ કેમ છે.' નિકિતા રાવલે બધાના મૌન પર નિશાન સાધતા કહ્યું હતું કે કોઈ કંઈ ન કહે પણ તે આ માણસ વિશે બોલશે. તેને માગ કરી કે રણબીર કપૂરને માફી માગવી જોઈએ, કારણકે આ કરોડો લોકોની આસ્થાનો સવાલ છે. જેટલું પાત્ર ભજવવાનું મહત્ત્વ છે તેટલું જ લોકોની લાગણીઓનું સમ્માન પણ જરૂરી છે. આ ફિલ્મને બોયકોટ કરવી જોઈએ.

# આસામના પૂર પર ભડકી રાખી સાવંત: કંગના રણૌત અને રવિ કિશનને સંભળાવી ખરીખોટી

મુંબઈ

રાખી સાવંત અને કંગના વચ્ચે જાણે શબ્દોની કોલ્ડવૉર શરૂ થઈ ગઈ હોય એવો માહોલ છે. કંગના રણૌત સામે નિવેદન આપે પછી રાખી સામે સવાલો કરીને માહોલને ગરમ કરી દે છે. આ વખતે વિષય બદલ્યો પણ અંદાજ ફરી એ જ જોવા મળ્યો છે. આસામમાં વિનાશકારી પૂરના કારણે લોકોની હાલત ખરાબ થઈ ચૂકી છે. અનેક એવા સેલેબ્સ મદદ કરવા માટે દોડી ગયા છે પણ રાખીએ કંગના અન રવિ કિશનને લઈને મસમોટા સવાલ કર્યા છે. બંન્નેને ટોણો મારતા કહ્યું હતું કે, ચુગલી કરવાનું અને ડાન્સ કરવાનું ખતમ થઈ ગયું હોય તો જઈને લોકોની મદદ કરો. રાખી સાવંતે કંગના અને રવિ કિશનને સવાલ કરતા કહ્યું હતું કે, તે ઓ આસામમાં પૂર પીડિતોની મદદ કરવા માટે કેમ નથી જતા? ચુગલી કરવાનું બંધ થયું હોય તો નેતાઓએ ત્યાં જઈને લોકોની મદદ કરવી જોઈએ. હકીકત એવી પણ છે કે, સલમાન ખાન અને રણદીપ હુડ્ડા જેવા કલાકારોએ ખાવા-પીવાની વસ્તુઓથી લઈને દવાઓ સુધીની વસ્તુઓ પહોંચાડવા માટે ટીમ તૈયાર કરીને મદદ કરી છે. રવિ કિશન અંગે વાત કરતા કહ્યું કે, ડાન્સ કરવાનું બંધ કરો અને દેશ સેવા કરવાનો ચાન્સ છે તો જઈને દેશની સેવા કરો. આ ઉપરાંત રાખીએ રવિ કિશન પર ખોટું બોલવાનો પણ આરોપ મૂક્યો છે. પાપારાઝી સાથે વાતચીત કરતા રાખીએ કહ્યું કે, આસામની હાલત જોઈને દુઃખ થાય છે. આસામમાં જે પૂરના પાણી ફરી વળ્યા છે એ જોઈને હું ખૂબ જ અપસેટ છું. હું આપણી કંગનાને કહેવા માગુ છું કે,લોકો પર ટોણા મારવાનું બંધ થયું હોય તો તમારા જેટલા પણ નેતા છે એને કહો કે આસામ જાય. રવિ કિશન જેઓ ડાન્સ કરી રહ્યા છે, જ્યાં દેશ કરવી જોઈએ ત્યાં આ લોકો કેમ જતા નથી? આસામ કેમ જતા નથી? મણિપુરમાં આટલા પ્રોબ્લેમ ચાલી રહ્યો છે તો ત્યાં પણ કેમ જતા નથી. રવિ કિશન નાચવાનું બંધ કરો અને તમે એક સારા એક્ટર છો ઠીક છે.



### BCCIએ ભારતીય ટીમમાં પસંદગી માટે કડક ફિટનેસ પ્રોટોકોલ લાગુ કર્યો

# ખેલાડીઓ ટપોટપ ઈન્જર્ડ થતાં BCCIની 'સર્જિકલ સ્ટ્રાઈક'

દુબઈ

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) અને ચીફ સિલેક્ટર અજીત અગરકરની આગેવાની હેઠળની સિલેક્શન કમિટીએ રાષ્ટ્રીય ટીમમાં પસંદગી અને ખેલાડીઓની ફિટનેસને લઈને અત્યંત કડક વલણ અપનાવ્યું છે. આગામી ભારત અને શ્રીલંકા વચ્ચેની બે ટેસ્ટ મેચોની સીરિઝ પહેલાં ક્રિકેટ બોર્ડે નવો ફિટનેસ પ્રોટોકોલ અમલી બનાવ્યો છે. હવે ભારતીય ટીમમાં સ્થાન મેળવવા કે વાપસી કરવા માટે દરેક ખેલાડીએ બેંગલુરુ સ્થિત સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE - અગાઉનું NCA) ખાતે જઈને પોતાની ફિટનેસ સાબિત કરવી અને મેડિકલ ટીમ પાસેથી ફિટનેસ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવું ફરજિયાત કરી દેવામાં આવ્યું છે. જસપ્રીત બુમરાહ ફિટનેસ ટેસ્ટમાં નિષ્ફળ જતાં બહાર, સાઈ સુદર્શન પર સસ્પેન્સ BCCIના આ નવા અને કડક ફિટનેસ નિયમોની સીધી અસર શ્રીલંકા પ્રવાસ માટે પસંદ કરાયેલી ભારતીય




ટીમની સ્ક્વોડ પર જોવા મળી રહી છે: જસપ્રીત બુમરાહ: ભારતીય ટીમનો સ્ટાર ઝડપી બોલર જસપ્રીત બુમરાહ ઘૂંટણની ઈજામાંથી સંપૂર્ણ રીતે ઉગરી શક્યો નથી. સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે યોજાયેલા કડક ફિટનેસ ટેસ્ટ અને ગ્રાઉન્ડ ક્લિયરન્સમાં નિષ્ફળ જતાં તેને શ્રીલંકા સામેની બે ટેસ્ટ મેચોની સીરિઝમાંથી બહાર રાખવામાં આવ્યો છે. બુમરાહના સ્થાને જમ્મુ-કાશ્મીરના યુવા ઝડપી બોલર આકિબ નબીને પ્રથમવાર સીનિયર ટીમમાં સ્થાન મળ્યું છે. સાઈ સુદર્શન: ઈન-ફોર્મ બેટર સાઈ સુદર્શન પણ ઈજાના કારણે સંપૂર્ણ ફિટ નથી. તે ટીમ સાથે શ્રીલંકા રવાના થવાને બદલે હાલ બેંગલુરુ સ્થિત CoE ખાતે જ રીહેબ હેઠળ છે. તેને ફિટનેસ ક્લિયરન્સ મળ્યા બાદ જ પ્રવાસ પર જવાની પરવાનગી મળશે. વોશિંગ્ટન સુંદર: ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર સહિતના અન્ય ખેલાડીઓને પણ CoEના સ્પોર્ટ્સ સાયન્સ એન્ડ મેડિકલ યુનિટ તરફથી કન્ફર્મેશન મળ્યા બાદ જ સ્ક્વોડમાં સામેલ કરવામાં આવ્યા છે. અગાઉ ખેલાડીઓ પોતાની સ્થાનિક અથવા વ્યક્તિગત ફિટનેસ રિપોર્ટના આધારે સીધા ટીમ સાથે જોડાઈ જતા હતા.

પરંતુ તાજેતરના સમયમાં ઈન્ટરનેશનલ મેચો દરમિયાન ખેલાડીઓ વારંવાર ઈજાગ્રસ્ત થવાની અને વચ્ચેથી જ બહાર થઈ જવાની ઘટનાઓ વધી છે.

## થાઈલેન્ડમાં લાઈવ મેચમાં વીજળી પડતાં 24 વર્ષના ખેલાડીનું મોત

બેંગકોક

દક્ષિણ થાઈલેન્ડમાં એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે, જ્યાં સ્થાનિક ફૂટબોલ મેચ દરમિયાન વીજળી પડવાથી 24 વર્ષીય થાઈ ફૂટબોલર સોફવાન અવાએનું દર્દનાક મોત થયું છે, જ્યારે અન્ય 12 ખેલાડીઓ ઘાયલ થયા છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા આઘાતજનક વીડિયોમાં જોઈ શકાય છે કે ખેલાડીઓ વરસાદ વચ્ચે ફૂટબોલ રમી રહ્યા હતા, ત્યારે જ અચાનક પિચ પર વીજળી પડી હતી અને જોરદાર ધમાકો થયો હતો. ગોલોક FA કપ દરમિયાન બની ઘટના અહેવાલો અનુસાર, વિંગર તરીકે રમતા અવાએનું ગંભીર ઈજાઓના કારણે ઘટનાસ્થળે જ નિધન થયું હતું. મીડિયા રિપોર્ટ મુજબ, આ દુર્ઘટના 'ગોલોક FA કપ' દરમિયાન બની હતી, જે એક લોકલ ટૂર્નામેન્ટ છે જેમાં એમેચ્યોર અને થાઈ-મલેશિયન ટીમો ભાગ લે છે. આ મેચ અવાએની ટીમ SAMCOLTS અને 'અબુ x નોંગ સિરિન' વચ્ચે રમાઈ રહી હતી. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં જ રમતપ્રેમીઓ શોકમાં છે. લોકો આટલા ખરાબ હવામાનમાં પણ મેચ ચાલુ રાખવાના આયોજકોના નિર્ણય પર સવાલો ઉઠાવી રહ્યા છે. યુઝર્સે કોમેન્ટ કરતાં લખ્યું કે, ખરાબ હવામાન અને વાવાઝોડા દરમિયાન મેચ રોકી દેવી એ દરેક જગ્યાએ ફરજિયાત નિયમ હોવો જોઈએ.

### અમદાવાદના શૂટરે ડંકો વગાડ્યો

## અભિમન્યુ સિંહ ભાટીએ ઓલ ઈન્ડિયા ઓપન શૂટિંગ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ જીત્યો

પટિયાલા

પંજાબના પટિયાલા સ્થિત ન્યૂ મોતી બાગ ગન ક્લબ ખાતે 22થી 31 જુલાઈ દરમિયાન નેશનલ રાઈફલ એસોસિયેશન ઑફ ઈન્ડિયા (NRAI) દ્વારા આયોજિત 'ઓલ ઈન્ડિયા ઓપન શૂટિંગ ચેમ્પિયનશીપ'માં ગુજરાત ટીમ તરફથી રમતા અને અમદાવાદના અભિમન્યુ સિંહ ભાટીએ મેન્સ સ્કીટ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો છે. અજાણ્યા રેંજ અને પડકારજનક હવામાન પરિસ્થિતિઓ વચ્ચે પણ અભિમન્યુએ સમગ્ર સ્પર્ધા દરમિયાન શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેના કોચ કેસરી સિંહ ભાટીના માર્ગદર્શન હેઠળ, તેણે શિસ્તબદ્ધ રમત રમીને




પોડિયમમાં પ્રથમ સ્થાન મેળવ્યું. મને મારી તૈયારી પર પૂરો વિશ્વાસ હતો- અભિમન્યુ સિંહ અભિમન્યુએ કહ્યું, "હું જ્યાં ટ્રેનિંગ લઉં છું તેના કરતાં આ રેંજ અલગ હતી અને હવામાન પણ પડકારજનક હતું, પરંતુ મને મારી તૈયારી પર ભરોસો હતો અને મેં મૂળભૂત બાબતો પર ધ્યાન કેન્દ્રિત રાખ્યું. આ સ્પર્ધા જીતવાથી મને આગામી નેશનલ શૂટિંગ ચેમ્પિયનશીપ માટે ખૂબ જ આત્મવિશ્વાસ મળ્યો છે." પટિયાલાએ અભિમન્યુને ઉજવણી કરવાનો મોટો અવસર આપ્યો છે. હવે તે ડિસેમ્બરમાં યોજાનારી નેશનલ શૂટિંગ ચેમ્પિયનશીપમાં જીતવાનો ટાર્ગેટ રાખે છે.

ભારતના ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનંદાએ સેન્ટ લુઈસ રેપિડ એન્ડ બ્લિટ્ઝ 2026નો ખિતાબ જીતી લીધો.

## T20 ક્રિકેટમાં જોશ બટલરે રચ્યો ઈતિહાસ

### પોલાર્ડનો મહારેકોર્ડ પણ ધ્વસ્ત, આ સિદ્ધિ મેળવનાર એકમાત્ર ખેલાડી

લંડન

ઈંગ્લેન્ડના સ્ટાર વિકેટકીપર-બેટ્સમેન જોસ બટલરે T20 ક્રિકેટના ઈતિહાસમાં એક સુવર્ણ અધ્યાય લખી દીધો છે. 'ધ હંડ્રેડ' લીગમાં મેનચેસ્ટર સુપર જાયન્ટ્સ તરફથી રમતા બટલરે વેલ્શ ફાયર સામે ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે માત્ર 20 બોલમાં 2 ચોગ્ગા અને 6 ગગનચુંબી છગ્ગાની મદદથી 250.00ના સ્ટ્રાઈક રેટથી 51 રનની અણનમ વિસ્ફોટક પાસ રમી હતી. આ આક્રમક ઈનિંગ દરમિયાન માર્કો જેન્સનની ઓવરમાં સતત 3 છગ્ગા ફટકારીને તેણે વેસ્ટ ઈન્ડિઝના દિગ્ગજ ખેલાડી કિરોન પોલાર્ડનો વર્લ્ડ રેકોર્ડ તોડી નાખ્યો છે અને T20 ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર ઈતિહાસ પુરુષ બની



ગયો છે. દિગ્ગજોને પછાડીને શિખર પર પહોંચ્યો બટલર બટલરે 522 T20 મેચોની 492 ઈનિંગ્સમાં 14,833 રન બનાવીને આ અદ્ભુત સિદ્ધિ હાંસલ કરી છે. તેણે કાયરન પોલાર્ડના 746 મેચોમાં નોંધાયેલા 14,803 રનના ઓલ-ટાઈમ રેકોર્ડને પાછળ છોડી દીધો છે. જોસ બટલર: 522 મેચ - 14,833 રન (9 સદી, 105 અડધી સદી)

કિરોન પોલાર્ડ: 746 મેચ - 14,803 રન (2 સદી, 63 અડધી સદી), ક્રિસ ગેલ: 463 મેચ - 14,562 રન (22 સદી, 88 અડધી સદી), એલેક્સ હેલ્સ: 528 મેચ - 14,449 રન, ડેવિડ વોર્નર: 439 મેચ - 14,284 રન, વિરાટ કોહલી: 430 મેચ - 14,218 રન (લિસ્ટમાં એકમાત્ર ભારતીય ખેલાડી), મેચનો મિજાજ અને સુપર જાયન્ટ્સની જીત, ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા વેલ્શ ફાયરે મેટ શોર્ટના 71 (47 બોલ) અને ફિલ સોલ્ટના 48 (37 બોલ) રનની મદદથી પ્રથમ વિકેટ માટે 125 રનની ભાગીદારી કરી હતી. જોકે ગસ એટકિન્સને શાનદાર બોલિંગ કરી 2 વિકેટ ઝડપતાં વેલ્શ ફાયર 100 બોલમાં 155/4 રન જ બનાવી શકી હતી. જવાબમાં મેનચેસ્ટર સુપર જાયન્ટ્સે પાવરપ્લેમાં વિના વિકેટે 53 રન ફટકાર્યા હતા. ટિમ સિફર્ટના અણનમ 62 રન (36 બોલ), પૌલ વોલ્ટરના 37 રન (18 બોલ) અને બટલરના 51* રનની મદદથી ટીમે માત્ર 1 વિકેટ ગુમાવીને 31 બોલ બાકી રાખીને 9 વિકેટે આસાન વિજય મેળવ્યો હતો. લોકી ફર્ગ્યુસનની 3 નો-બોલ અને બટલરના એટેકિંગ શાનદાર શોટ્સે મેચ એકતરફી બનાવી દીધી હતી. આ જીત સાથે ટીમે પોતાની સતત ત્રણ હારનો સિલસિલો તોડી પોઈન્ટ્સ ટેબલમાં ત્રીજુ સ્થાન મેળવ્યું છે. ઉલ્લેખનીય છે કે, નિયમિત કેપ્ટન એડન માર્કરમ દક્ષિણ આફ્રિકા પરત ફરતા બટલર આ મેચમાં ટીમની કપ્તાની કરી રહ્યો હતો.



### ચાંદી ₹931 વધીને ₹2.25 લાખ પર પહોંચી

## સોનાની કિંમત ₹2,735 વધીને ₹1.48 લાખ થઈ

મુંબઈ

સોના-ચાંદીની કિંમતમાં આજે એટલે કે 6 ઓગસ્ટે વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 2,735 રૂપિયા વધીને 1.48 લાખ રૂપિયા પર પહોંચી ગયો છે.

એક કિલો ચાંદીની કિંમત 931 રૂપિયા વધીને 2.25 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ મહિને એટલે કે ઓગસ્ટમાં માત્ર 6 દિવસમાં જ સોનું 5,501 અને ચાંદી 7,198 રૂપિયા મોંઘી થઈ ગઈ છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધી 15 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું



1.33 લાખ રૂપિયાથી ઉપર હતું, જે હવે 1.48 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદીની કિંમતમાં 5 હજાર રૂપિયાનો ઘટાડો થયો છે. ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.25 લાખ રૂપિયા પર છે. આ સમયગાળા દરમિયાન, 29 જાન્યુઆરીના રોજ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલટાઈમ હાઈ પણ બનાવ્યો હતો. સોનું આ વર્ષે 1.60 લાખ સુધી જઈ શકે છે કોમોડિટી એક્સપર્ટ અજય કેડિયાના મતે સોના-ચાંદીના ભાવ તેમની ઊંચી સપાટીથી ઘણા નીચે આવી ગયા છે. આવી સ્થિતિમાં, રોકાણકારો તેમાં રોકાણ કરી શકે છે, જોકે તેમાં એકસાથે રોકાણ કરવાનું ટાળવું જોઈએ. અજય કેડિયાના મતે, વર્ષના અંત સુધીમાં સોનું ફરી એકવાર 1.60 લાખ અને ચાંદી 2.80 લાખ રૂપિયા સુધી જઈ શકે છે. સોના-ચાંદીમાં ETF દ્વારા રોકાણ કરી શકાય છે એક્સચેન્જ ટ્રેડેડ ફંડ સોના અને ચાંદીના વધતા-ઘટતા ભાવો પર આધારિત હોય છે.

### 42 અબજ ડોલરનું ભંડોળ એકત્ર કરવાની યોજના

## લ્યો હવે LPG ઉપર ટેક્સ વસૂલશે સરકાર! ઘરનું બજેટ બગાડી નાખવાની તૈયારી

મુંબઈ

કેન્દ્ર સરકાર દ્વારા રસોઈ ગેસ (LPG) અને નેચરલ ગેસ પર નવો ટેક્સ વસૂલવાની યોજના પર વિચાર કરવામાં આવી રહ્યો છે. જો આ પ્રસ્તાવને મંજૂરી મળે છે, તો સામાન્ય નાગરિકોના માસિક બિલમાં વધારો થઈ શકે છે અને મોંઘવારીમાં વધુ વધારો જોવા મળી શકે છે.

42 અબજ ડોલરનું ભંડોળ એકત્ર કરવાની યોજના એક અહેવાલ મુજબ, કેન્દ્ર સરકાર ફ્યુઅલ સ્ટોરેજ સ્કીમ અંતર્ગત મદદ માટે આશરે 42 અબજ ડોલર (લગભગ 3.99 લાખ કરોડ રૂપિયા) નું ભંડોળ એકત્ર કરવાની યોજના બનાવી રહી છે. આ રકમ એલપીજી અને નેચરલ



ગેસના યુઝર્સ પાસેથી વધારાના ચાર્જ તરીકે વસૂલવામાં આવી શકે છે, જોકે હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. અહેવાલો અનુસાર, પેટ્રોલિયમ મંત્રાલય એલપીજી પર 1.29 રૂપિયા પ્રતિ કિલોગ્રામ અને નેચરલ ગેસ પર પ્રતિ સ્ટાન્ડર્ડ ઘન મીટર 1.43 રૂપિયાનો ચાર્જ વસૂલવા પર વિચાર કરી રહી છે. આ ટેક્સ લાગુ થવાથી એક ઘરેલુ રસોઈ ગેસ સિલિન્ડરની કિંમતમાં આશરે 18 રૂપિયાનો વધારો થઈ શકે છે.

ઊર્જા સંકટ અને વ્યુહાત્મક ભંડોળની જરૂરિયાત પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને આયાત ખર્ચમાં વધારાને ધ્યાનમાં રાખીને ભારત સરકાર પોતાની ઊર્જા સુરક્ષા મજબૂત કરવા માંગે છે. દેશ તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતના મોટાભાગના ભાગ માટે આયાત પર નિર્ભર છે, તેથી કટોકટીના સમયમાં અછત ન સર્જાય તે માટે આ વ્યુહાત્મક ભંડોળ ઊભું કરવાનું અત્યંત મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

### ઇથોપિયન એરલાઇન્સના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર રહી ચૂક્યા છે

## એર ઇન્ડિયાના નવા CEO બન્યા ટેવોલ્ડે ગેબ્રેમેરિયમ:કેમ્પબેલ વિલ્સનની જગ્યા લીધી

### ટેવોલ્ડે ગેબ્રેમેરિયમ એક ઇથિયોપિયન બિઝનેસ એક્ઝિક્યુટિવ છે અને તેમને આફ્રિકાના સૌથી સફળ એવિએશન લીડર્સમાંથી એક ગણવામાં આવે છે.

મુંબઈ

એર ઈન્ડિયાએ ટેવોલ્ડે ગેબ્રેમેરિયમને તેના નવા ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર એટલે કે CEO અને મેનેજિંગ ડિરેક્ટર એટલે કે MD તરીકે નિયુક્ત કર્યા છે. આ નિર્ણય પૂર્વ CEO કેમ્પબેલ વિલ્સનના રાજીનામા અને એરલાઈનને નુકસાનમાંથી બહાર આવવાની ધીમી ગતિ વચ્ચે લેવામાં આવ્યો છે.

કેમ્પબેલ વિલ્સને જુલાઈ 2022માં એર ઈન્ડિયાની કમાન સંભાળી હતી. નુકસાન અને કંપનીના સુધારામાં થઈ રહેલા વિલંબ વચ્ચે તેમણે 2024માં પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું, જેને બોર્ડે સ્વીકારી લીધું હતું. વિલ્સન નવા ઉત્તરાધિકારીની નિમણૂક ન થાય ત્યાં સુધી નોટિસ પિરિયડ દરમિયાન પોતાના પદ પર રહ્યા હતા.

ટેવોલ્ડે ગેબ્રેમેરિયમ એક ઈથિયોપિયન બિઝનેસ એક્ઝિક્યુટિવ છે અને તેમને




આફ્રિકાના સૌથી સફળ એવિએશન લીડર્સમાંથી એક ગણવામાં આવે છે. તેમણે 2011થી 2022 સુધી ઈથિયોપિયન એરલાઈન્સ ગ્રુપના ગ્રુપ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે કામ કર્યું. ટેવોલ્ડેના 11 વર્ષના કાર્યકાળ દરમિયાન ઈથિયોપિયન એરલાઈન્સે ઝડપથી વિસ્તરણ કર્યું અને આફ્રિકાની સૌથી મોટી એરલાઈન બની: વિમાનોની સંખ્યા વધારવી: એરલાઈનનો કાફલો 33 એરક્રાફ્ટથી વધીને 130 એરક્રાફ્ટ થયો. યાત્રીઓની સંખ્યામાં વધારો: કોવિડ-19 મહામારી પહેલાં વાર્ષિક યાત્રીઓની સંખ્યા 30 લાખથી વધીને 1.2 કરોડ સુધી પહોંચી ગઈ.

રેવન્યુમાં જબરદસ્ત ઉછાળો: તેમના નેતૃત્વ હેઠળ એરલાઈનનું વાર્ષિક રેવન્યુ લગભગ 1 અબજ ડોલરથી વધીને 4.5 અબજ ડોલર એટલે કે લગભગ 37,500 કરોડ થયું. મહામારીમાં સરકારી મદદ વિના એરલાઈનને નફામાં રાખી કોવિડ-19 મહામારી દરમિયાન જ્યારે દુનિયાભરની એવિએશન કંપનીઓ નાદારીના આરે હતી અને સરકારી નાણાકીય પેકેજ પર નિર્ભર હતી, ત્યારે ટેવોલ્ડેએ કાર્ગો એટલે કે માલસામાનની હેરફેરના ઓપરેશન્સનો ઝડપથી વિસ્તાર કર્યો. આના કારણે તેમણે ઈથિયોપિયન એરલાઈન્સને કોઈપણ સરકારી બેલઆઉટ પેકેજ વિના નફામાં જાળવી રાખી.

## સેન્સેક્સ 374 પોઈન્ટ વધીને 78,955 પર બંધ

- **નિફ્ટી નજીવા વધારા સાથે 24,636 પર પહોંચ્યો, બેન્કિંગ શેરોમાં ખરીદી, રિયલ્ટીમાં ઘટાડો**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 6 ઓગસ્ટે તેજી જોવા મળી. સેન્સેક્સ 374 પોઈન્ટ વધીને 78,955 પર બંધ થયો. નિફ્ટીમાં 11 પોઈન્ટનો વધારો જોવા મળ્યો, તે 24,636 પર પહોંચ્યો હતો. આજના કારોબારમાં બેન્કિંગ શેરોમાં ખરીદી અને રિયલ્ટી શેરોમાં ઘટાડો જોવા મળ્યો. રિન્યુએબલ એનર્જી કંપની જ્યુનિપર ગ્રીન એનર્જીનો શેર NSE પર 245 અને BSE પર 242ના ભાવે લિસ્ટ થયો છે. આ તેના 225ના ઈશ્યૂ પ્રાઈસ કરતાં લગભગ 9% વધુ છે. IPO બિડિંગ માટે 30 જુલાઈથી 3 ઓગસ્ટ 2026 સુધી ખુલ્લો હતો. તેના માટે પ્રાઈસ બેન્ડ 214 થી 225 પ્રતિ ઈક્વિટી શેર નક્કી કરવામાં આવ્યો હતો. તેને 7.97 ગણું સબસ્ક્રિપ્શન મળ્યું હતું. બપોરે 3.30 કલાકે સેન્સેક્સ અને નિફ્ટી લીલા નિશાનમાં બંધ થયો. સેન્સેક્સ 374 પોઈન્ટના વધારા સાથે 78,954.76 અંકે બંધ થયો. જ્યારે નિફ્ટી 11.35 પોઈન્ટના વધારા સાથે 24,636.00 અંકે બંધ થયો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એટરનલ અને શ્રીરામ ફાઈનાન્સ નિફ્ટી 50 માં સૌથી વધુ વધ્યા હતા. વ્યાપક બજારમાં, નિફ્ટી મિડકેપ 0.05 ટકા વધ્યો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ 0.70 ટકા વધ્યો. ક્ષેત્રીય સૂચકાંકોમાં, નિફ્ટી કેમિકલ્સ અને નિફ્ટી PSU બેંક શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ક્ષેત્રો હતા.

## તહેવારોની સીઝન શરૂ થાય તે પહેલા મ્યુનિ. કોર્પોરેશન સલામતી મામલે એલર્ટ

# AMC સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન કમલેશ પટેલનો મહત્વપૂર્ણ નિર્ણય



- રામોલની ઘટના બાદ ફટાકડાની સીલ કરાયેલી દુકાનોને સિઝનલ ધંધા માટે શરતી બોન્ડના આધારે ખોલાશે
- રાખડીઓના વેપારીઓને શરતી રાહત પણ ફટાકડાના ધંધા પર રહેશે પ્રતિબંધ

અમદાવાદ

નાગરિકોની સલામતીને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ ચેરમેન કમલેશભાઈ પટેલ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેને અનુલક્ષીને તહેવારોમાં ફટાકડાની સીલ કરાયેલી દુકાનોને સિઝનલ ધંધા માટે શરતી બોન્ડના આધારે ખોલવા દેવામાં આવશે પરંતુ નાગરિકોની સલામતી સાથે કોઈ ચેડાં ચલાવી લેવામાં નહીં આવે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની 6મી ઓગસ્ટ 2026નાં ગુરૂવારે યોજાયેલ સાપ્તાહિક સ્ટેન્ડિંગ કમિટીમાં શહેરનાં વિકાસને નવી દિશા આપતા અને નાગરિકો માટેની સુવિધાઓ માટે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતાં. આ પ્રસંગે સ્ટેન્ડિગ કમિટીનાં ચેરમેન કમલેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રામોલમાં ફટાકડા ફેક્ટરીમાં આગ લાગવાની ઘટના પછી અમદાવાદમાં ફટાકડાનો વ્યવસાય કરતાં દુકાનદારો પાસે ફાયરની એન.ઓ.સી, પોલીસની મંજૂરી અને બી.યુ. પરમિશન ન હોય તેવા તમામ દુકાનદારોની દુકાનોને સીલ કરવામાં આવી હતી. આગામી દિવસોમાં રક્ષાબંધનનો તહેવાર આવતો હોવાથી સિઝનલ ધંધો કરનારા ઘણાં દુકાનદારોએ તેમની દુકાનોમાં હાલ ફટાકડા ન હોવાથી રાખડીનો ધંધો કરવાની માંગણી કરી હતી.

ત્યારે એ.એમ.સી દ્વારા આવા દુકાનદારો પાસેથી ફટાકડાનો ધંધો ન કરવાની શરતનો બોન્ડ લઈને દુકાન ખોલી આપવાનો નિર્ણય કર્યો છે. જેમાં તેઓએ ફટાકડાનાં વ્યવસાય સિવાયના સિઝનલ ધંધો કરવા માટે સરકારના ધારા-ધોરણ અને નિયમોનું અવશ્ય પાલન કરવું પડશે. તેમજ જે દુકાનદારો પાસે બી.યુ પરમિશન, ફાયર એન.ઓ.સી અને પોલિસ પરમિશન હશે, માત્ર તેઓ જ ફટાકડાનો વ્યવસાય કરી શકશે.

નરોડામાં ફ્લાયઓવર બ્રિજની કામગીરી અંગે તેમણે જણાવ્યું હતું કે,નરોડા પાટિયાથી ગેલેક્સી સિનેમા સુધી ફ્લાયઓવર બ્રિજના નિર્માણની કામગીરી રૂ.276 કરોડના અંદાજિત ખર્ચે વર્ષ 2023માં રચના કન્સ્ટ્રક્શન કંપનીને સોંપવામાં આવી હતી. કંપનીએ 16/07/2023ના રોજ કામગીરી શરૂ કરી હતી. આ પ્રોજેક્ટ માટે જમીન સંપાદનની જરૂરિયાત હતી, પરંતુ મોટાભાગની જમીન ફોરેસ્ટ વિભાગની હોવાથી જમીન સંપાદનની પ્રક્રિયાના કારણે બ્રિજની કામગીરી પણ વિલંબિત થઈ હતી. જેમા નરોડા વિસ્તારમાં ટી.પી. 77 અંતર્ગત ફોરેસ્ટ વિભાગને જમીન ફાળવણીના મુદ્દે ચર્ચા થઇ હતી. અગાઉ ટી.પી. 63માં ફાળવણી શક્ય ન હોવાથી હવે ટી.પી. 77 માથી સમકક્ષ જમીન ફોરેસ્ટ વિભાગને આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી હાઈકોર્ટ સમક્ષ થયેલી રજૂઆતને અનુરૂપ કાર્યવાહી થઈ શકે.

### ઓઢવ અને વિંઝોલ વિસ્તાર માટે મ્યુનિ. દ્વારા મહત્વનો નિર્ણય

ઓઢવ અને વિંઝોલ વિસ્તારમાં આવેલી બંધ લેન્ડફિલ સાઇટના 500 મીટરના બફર ઝોનમાં વિકાસકાર્યો હાથ ધરવા માટે જરૂરી એન્વાયરમેન્ટ ક્લિયરન્સ મેળવવાની પ્રક્રિયા ઝડપી બનાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ માટે ભારત સરકારના PARIVESH પોર્ટલ પર નોંધાયેલી અને આ કામગીરીમાં નિષ્ણાત એજન્સીની નિમણૂક કરી એન્વાયરમેન્ટ ક્લિયરન્સ મેળવવા, વિકાસ યોજના તૈયાર કરવા તેમજ ક્લિયરન્સ મળ્યા બાદ વિકાસ પરવાનગી સંબંધિત તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મ્યુનિસિપલ કમિશનરને સોંપવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે.

### શહેરમાં યોજાશે હર ઘર તિરંગા યાત્રા

તિરંગા યાત્રા સંદર્ભે કમલેશભાઈએ જણાવ્યું હતું કે,વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહ્વાનથી 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત અમદાવાદમાં 11 ઓગસ્ટના રોજ રાયપુરથી દરવાજાથી સાળંગપુર સુધી તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવશે, જેમાં શહેર તથા પ્રદેશના મહાનુભાવો જોડાશે. આ ઉપરાંત શહેરના તમામ 48 વોર્ડમાં પણ તિરંગા યાત્રાનું આયોજન હાથ ધરવામાં આવશે

## ખાનગી IT કંપનીમાં એડમિન રાઇટ્સનો દુરુપયોગ કરી ₹1.56 કરોડની ઉચાપત કરનાર આરોપી સુરતથી ઝડપાયો

અમદાવાદ

અમદાવાદ શહેરના એલિસબ્રિજ વિસ્તારમાં આવેલી એક ખાનગી આઈટી (IT) કંપની સાથે કરોડો રૂપિયાની ઠગાઈ અને ઉચાપત આચરવાના ચર્ચાસ્પદ કેસમાં એલિસબ્રિજ પોલીસ અને એલ.સી.બી. (LCB) ઝોન-7 ની ટીમને મોટી સફળતા મળી છે. કંપનીના ડિજિટલ એડમિન એક્સેસનો કથિત દુરુપયોગ કરી 1,56,65,211 ની ઉચાપત કરનાર મુખ્ય આરોપીને પોલીસે સુરતના કતારગામથી દબોચી લીધો છે. મે-2026 માં ગુનો નોંધાયા બાદથી સતત ફરાર ચાલી રહેલા આરોપી સામે પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોના નેટવર્કને આધારે આ આકરી કાર્યવાહી કરી છે.

આરોપીની ઓળખ અને પદ: પકડાયેલ આરોપી નીખિલ રાજેશભાઈ ખલાસ કંપનીમાં Head of Support Bidding Division તરીકે જવાબદારી સંભાળતો હતો.

આરોપીએ કંપનીના એડમિન રાઇટ્સ અને ગૌણ ડિજિટલ સિસ્ટમનો દુરુપયોગ કરી અન્ય સહ-આરોપીઓ સાથે મળીને તબક્કાવાર 1.56 કરોડથી વધુની રકમ પોતાની કે અન્ય ખાતાઓમાં ડાયવર્ટ કરી લીધી હતી. એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થતાં જ આરોપી ધરપકડથી બચવા માટે અલગ-અલગ રાજ્યો અને શહેરોમાં પોતાના લોકેશન બદલી રહ્યો હતો. એલ.સી.બી. ઝોન-7 અને એલિસબ્રિજ પોલીસની સંયુક્ત ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે આરોપી સુરતના કતારગામ વિસ્તારમાં સંછુપાયેલો છે, જેના આધારે દરોડો પાડીને તેની અટકાયત કરવામાં આવી છે. આજના ડિજિટલ યુગમાં કંપનીઓને બહારના હેકર્સ કરતા અંદરના જ જવાબદાર કર્મચારીઓથી વધુ જોખમ ઊભું થઈ રહ્યું છે.

## સોલા સિવિલમાં એક જ અઠવાડિયામાં 13,000થી વધુ OPD, ચાંદીપુરા વાયરસથી બાળકો સૌથી વધુ પ્રભાવિત

**રાજ્યમાં ચાંદીપુરા વાયરસનો કહેર સતત વધી રહ્યો છે અને નાના બાળકો આ વાયરસનો શિકાર બની રહ્યા છે, જેથી વાલીઓમાં ભારે ફફડાટ અને ચિંતાનો માહોલ ફેલાયો છે**

અમદાવાદ

શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાએ માથું ઉંચક્યું છે. શહેરની સોલા સિવિલ હોસ્પિટલ ખાતે છેલ્લા એક જ અઠવાડિયા દરમિયાન 13,000 થી વધુ દર્દીઓની ઓપીડી (OPD) નોંધાતા આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે.

આ વખતના રોગચાળામાં સૌથી ચિંતાજનક બાબત એ સામે આવી છે કે પિડિયાટ્રિક એટલે કે બાળકોની ઓપીડીમાં અચાનક 10% નો મોટો વધારો જોવા મળ્યો છે.




બીજી તરફ, રાજ્યમાં ચાંદીપુરા વાયરસનો કહેર સતત વધી રહ્યો છે અને નાના બાળકો આ વાયરસનો શિકાર બની રહ્યા છે, જેથી વાલીઓમાં ભારે ફફડાટ અને ચિંતાનો માહોલ ફેલાયો છે. માત્ર 7 દિવસમાં 13,000 થી વધુ દર્દીઓ સારવાર અર્થે પહોંચ્યા છે, જેમાં દરરોજ હજારોની સંખ્યામાં દર્દીઓનો ઉમેરો થઈ રહ્યો છે. બદલાતા વાતાવરણ અને મચ્છરોના ત્રાસને કારણે બાળકોની OPD માં 10% નો સીધો ઉછાળો નોંધાયો છે. ચાંદીપુરા વાયરસ વિશેષરૂપે નાના બાળકોને નિશાન બનાવી રહ્યો હોવાથી તબીબોએ વિશેષ સાવચેતી રાખવા અપીલ કરી છે. રોગચાળા અને વાયરસના સંક્રમણથી બાળકોને બચાવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા સૂચનાઓ આપવામાં આવી છે

## અમદાવાદમાં ઔડા (AUDA)નું મકાન અપાવવાના નામે લાખોની છેતરપિંડી

### બોગસ ફોર્મ ભરાવી ₹4.80 લાખ પચાવી પાડ્યા, બે શખ્સો સામે ગુનો દાખલ

અમદાવાદ

અમદાવાદ શહેરમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ઓછી કિંમતે પોતાના સપનાનું ઘર અપાવવાની લાલચ આપીને અસમાજિક તત્વો દ્વારા લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવતી હોવાનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (AUDA) ના સરકારી મકાન અપાવવાના બહાને ખોટા અને બોગસ ફોર્મ ભરાવીને નાગરિક પાસેથી રૂ. 4.80 લાખ રૂપિયા પડાવી લેવામાં આવ્યા છે.

ભોગ બનનારની ફરિયાદના આધારે પોલીસે આ કૌભાંડ આચરનાર બે શખ્સો સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

સસ્તા મકાનની લાલચ: આરોપીઓએ ઔડાની સ્કીમમાં સીધી સેટિંગથી સરકારી મકાન ફાળવી દેવાની મોટી મોટી વાતો કરીને ફરિયાદીનો વિશ્વાસ કેળવ્યો હતો. ફરિયાદીને વિશ્વાસમાં લેવા માટે આરોપીઓએ ઔડાના નામના બોગસ ફોર્મ ભરાવ્યા હતા અને પ્રોસેસિંગ ફી તથા મકાન ફાળવણીના નામે કટકે કટકે રૂ. 4.80 લાખ રોકડા પડાવી લીધા હતા. લાંબો સમય વિત્યા છતાં મકાનનો કબ્જો કે કોઈ સત્તાવાર પત્ર ન મળતા ફરિયાદીએ ઔડા કચેરીએ તપાસ કરી હતી, જ્યાં આ સમગ્ર ખેલ અને ફોર્મ બોગસ હોવાનો પર્દાફાશ થયો હતો. પૈસા પરત માંગતા આરોપીઓએ ધમકી આપવાનું શરૂ કરતા આખરે ભોગ બનનારે પોલીસ સ્ટેશનના દરવાજા ખટખટાવ્યા હતા, જેના આધારે બે શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અમદાવાદમાં ઔડા કે મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના આવાસ યોજનાના મકાનો હંમેશા કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો (Draw) સિસ્ટમ દ્વારા જ ફાળવવામાં આવે છે.

### લાખોનો જથ્થો જપ્ત, એક આરોપી જેલભેગો

## બહેરામપુરામાં નકલી કોસ્મેટિક્સ બનાવતી ફેક્ટરી પર પોલીસનો દરોડો

### સ્થાનિક બજારો અને બ્યુટી પાર્લરોમાં આ નકલી સામાન ઓછી કિંમતે સપ્લાય કરવામાં આવતો હતો

અમદાવાદ

અમદાવાદ શહેરના બહેરામપુરા વિસ્તારમાં લોકોના આરોગ્ય અને ત્વચા સાથે ખુલ્લેઆમ ખીલવાડ કરતી નકલી કોસ્મેટિક્સ બનાવતી ફેક્ટરીનો પોલીસે પર્દાફાશ કર્યો છે. બ્રાન્ડેડ અને મોંઘી કોસ્મેટિક્સ પ્રોડક્ટ્સના નામે કેમિકલયુક્ત નકલી માલ તૈયાર કરી બજારમાં વેચવાના આ કાળા કારોબાર પર દરોડો પાડીને પોલીસે લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને આ કૌભાંડમાં સામેલ એક આરોપીની અટકાયત કરી છે.

શહેરમાં સતત વધી રહેલા નકલી પ્રોડક્ટ્સના વેચાણ વચ્ચે પોલીસની આ કાર્યવાહીથી અસલીના નામે નકલી માલ પધરાવતા નફાખોરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. બહેરામપુરા વિસ્તારના એક



ગોડાઉન/ફેક્ટરીમાં ગેરકાયદેસર રીતે નામચીન બ્રાન્ડ્સના નામે નકલી કોસ્મેટિક્સ બનાવવામાં આવી રહ્યા હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી.

સ્થળ પરથી દરોડા દરમિયાન ફેક્ટરી ચલાવતા મુખ્ય આરોપીની સ્થળ પરથી જ અટકાયત કરવામાં આવી છે, જ્યારે આ નેટવર્કમાં જોડાયેલા અન્ય લોકોની શોધખોળ શરૂ કરાઈ છે.

પોલીસે રૂમમાંથી મોટી માત્રામાં રો-મટીરીયલ, પેકિંગ મટીરીયલ, ડુપ્લિકેટ રેપર્સ અને તૈયાર કરવામાં આવેલો લાખોની કિંમતનો નકલી કોસ્મેટિક્સનો જથ્થો કબ્જે કર્યો છે.

સ્થાનિક બજારો અને બ્યુટી પાર્લરોમાં આ નકલી સામાન ઓછી કિંમતે સપ્લાય કરવામાં આવતો હતો, જેના ઉપયોગથી લોકોની ત્વચાને ગંભીર નુકસાન પહોંચવાનું જોખમ હતું.

ચામડીના રોગો નોતરતા નફાખોરો સામે કડક આકરી કાર્યવાહી ક્યારે?

માત્ર કોસ્મેટિક્સ જ નહીં, પરંતુ ખાવા-પીવાની અને વપરાશની વસ્તુઓમાં ભેળસેળ અને ડુપ્લિકેશનનો આ કારોબાર અમદાવાદ શહેરમાં પગપેસારો કરી ચૂક્યો છે.

## અમદાવાદના નરોડામાં સનસનાટી: સ્પા મેનેજરની ઘાતકી હત્યા કરાઈ

અમદાવાદ

અમદાવાદ શહેરના નરોડા વિસ્તારમાંથી કાયદો અને વ્યવસ્થાની ધજિગ્યા ઉડાવતી એક અત્યંત સનસનાટીભરી ઘટના સામે આવી છે. નરોડામાં આવેલા 'ત્રિશા સ્પા'માં માત્ર બે દિવસ પહેલાં જ નોકરીએ જોડાયેલા મેનેજર દશરથ મીણા પર એક ટોળાએ તૂટી પડી ઢોર માર માર્યો હતો અને ત્યારબાદ તેને બિલ્ડિંગના ચોથા માળેથી નીચે ફેંકી દેતા તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.

આ ઘટના બાદ સ્થળ પર દોડી ગયેલી નરોડા પોલીસની પ્રાથમિક તપાસમાં સ્પાની આડમાં ચાલતા દેહવ્યાપાર, દારૂ અને ડ્રગ્સના કાળા કારોબારનો પણ પર્દાફાશ થયો છે.

અમાનવીય અત્યાચારનો શિકાર બનેલો મેનેજર દશરથ મીણા બે દિવસ પહેલા જ સ્પામાં કામ પર લાગ્યો હતો.

કોઈ બાબતે થયેલી તકરાર બાદ ઉશ્કેરાયેલા ટોળાએ મેનેજરને બેરહમીથી માર માર્યો હતો અને ત્યારબાદ તેને સીધો બિલ્ડિંગના ચોથા માળેથી નીચે ફેંકી દીધો હતો.

ઘટનાની તપાસ દરમિયાન સ્પા સેન્ટરની આડમાં કૂટણખાનું (દેહવેપાર), વિદેશી દારૂ અને ડ્રગ્સનું નેટવર્ક ચાલતું હોવાનું સામે આવ્યું છે.

નરોડા પોલીસે ઘટનાસ્થળના તથા આસપાસના સીસીટીવી (CCTV) ફૂટેજ કબજે કરીને હત્યારા ટોળાને આડેધડ ઝડપી પાડવા માટે દરોડા શરૂ કર્યા છે. અમદાવાદ શહેરના ખૂણે-ખૂણે મસાજ પાર્લર અને સ્પાના નામે ચાલતા ધામો હવે ગંભીર ગુનાખોરીના હબ બની રહ્યા છે.

## અંધજન મંડળ પાસે BRTS કોરિડોરમાં કાર અને ડમ્પર વચ્ચે ગંભીર અકસ્માત

### બનાવની જાણ થતાં જ પોલીસ અને ટ્રાફિક બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો

અમદાવાદ

અમદાવાદ શહેરના વ્યસ્ત ગણાતા અંધજન મંડળ ચાર રસ્તા નજીક બીઆરટીએસ (BRTS) કોરિડોરમાં એક ગંભીર અને ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો છે. પૂરપાટ ઝડપે આવી રહેલી કાર અને ડમ્પર વચ્ચે થયેલી જોરદાર ટક્કરને કારણે કારનો કુરચો નીકળી ગયો છે અને કારને ભારે નુકસાન પહોંચ્યું છે.

અકસ્માતને પગલે રોડ પર લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને ઘટનાની જાણ થતાં જ પોલીસ તેમજ સંબંધિત તંત્રનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો.



પૂરપાટ ઝડપે જતી કાર અને ભારે ડમ્પર વચ્ચે સામસામે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી ઘાતક હતી કે કાર આગળના ભાગેથી સંપૂર્ણપણે કચડાઈ ગઈ હતી.

બનાવની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ટ્રાફિક બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો.

અકસ્માત કાર ચાલકની બેદરકારીથી થયો કે ડમ્પર ચાલકની, તેમજ BRTS કોરિડોરમાં વાહન કેવી રીતે ઘૂસ્યું તે ચોક્કસ કારણ જાણવા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. અમદાવાદમાં BRTS કોરિડોર માત્ર બસો માટે અનામત હોવા છતાં ખાનગી વાહનો અને ભારે વાહનો તેમાં ઘૂસી જવાના કિસ્સાઓ દિન-પ્રતિદિન વધી રહ્યા છે.

અંધજન મંડળ જેવા વિસ્તારમાં સર્જાયેલા આ અકસ્માતે ફરી એકવાર ટ્રાફિક નિયમોના પાલન સામે સવાલો ઊભા કર્યા છે. પાક્કો ગુજરાતની માંગ છે કે BRTS કોરિડોરમાં ગેરકાયદેસર પ્રવેશ કરતા અને ઓવરસ્પીડિંગ કરતા વાહનચાલકો સામે પોલીસ દ્વારા આકરા દંડ અને કાનૂની કાર્યવાહી કરવામાં આવે જેથી ભવિષ્યમાં આવી ગંભીર હોનારત અટકાવી શકાય.


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI